સુવિચાર

''એક સારૂં પુસ્તક માણસને પસ્તી બનતા રોકી શકે છે.''

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૭/૧૧/૨૦૨૬, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૩ કારતક વદ-૩ વર્ષ : ૧૭ અંક : ૨૮૯

યુવા ધારાસભ્ય અને ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયાની રજૂઆત બાદ નિર્ણય

આનંદો : અમરેલીની ''ગઢની રાંગ'' નું ૧૨ કરોડનાં ખર્ચે થશે નવિનીકરણ

શહેરનાં નદીકાંઠે આવેલ ગઢની રાંગનું નિર્માણ અંદાજિત ઈ.સ. ૧૮૬૯માં કરવામાં આવેલ

છેલ્લા ઘણા વર્ષોથી ગઢની રાંગ પોતાનું અસ્તિત્વ ગુમાવતી જતી હતી

શહેરની પૌરાણિક નિશાનીને નવી પેઢી જાણી શકે તે માટે સરકારે મસમોટી રકમની ફાળવણી કરી

જેશીંગપરાનાં પુલ નીચેથી શરૂ કરીને સોમનાથ મંદિર સુધી ગઢની રાંગનું કરાશે નવિનીકરણ

અમરેલી, તા. ૨૬

અમરેલીશહેરાનાંભૂતકાળની યાદીઆપતીઅનેનદીકાંઠેઆવેલબિસ્માર હાલતમાંરહેલ''ગઢનીરાંગ''નુંરૂપિયા૧૨ કરોડનાંખર્ચેનવિનીકરણ કરવાનો નિર્ણય ઉર્જારાજયમંત્રીકૌશિકવેકરિયાનીરજૂઆત બાદરાજયસરકારેકરેલછે.

અમરેલી એ ઐતિહાસિક શહેરછે.શહેરનીઓળખસદીઓપુરાણી છે.ભૂતકાળમાંઅમરેલીએઅમરવલ્લી તરીકેપ્રચલિતહતુંઅનેશહેરમાંઅનેક ઐતિહાસિક ઈમારતો આવેલ છે. જે પૈકી એક રાજમહેલ અને ટાવરનું નવિનીકરણઅંતિમતબકકામાંપહોંચી ગયું હોય હવે, નદીકાંઠે જેશીંગપરાનાં બેઠાપુલથીલઈનેસોમનાથમંદિરસુધી આવેલ ''ગઢનીરાંગ''નુંનવિનીકરણ થવાથી શહેરની રોનકમાં વધારો થશે અને નવી પેઢી માટે તેનાં ઈતિહાસને સમજવોસરળબનશે.



બગીચા નજીક રાત્રિનાં સમયે

જાફરાબાદમાં બાઈક અને કાર વચ્ચે અકસ્માત સર્જાતાં બાઈક સવાર યુવકનું કમકમાટીભર્યુ મોત

બાઈક ચાલક ઈનોવા કારની નીચે આવી ગયા



જાફરાબાદ, તા. ૨૬

જાફરાબાદ ખાતે રાત્રિનાં આશરે ૧૦ વાગ્યાનાં સુમારે બગીચા બાજુમાં આવેલી ભગવતી દુકાનની બાજુમાં બાઈક અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માતમાં બાઈક ચલાવી રહેલા યુવક રાહુલ નયનભાઈ બારૈયાનું ઘટના સ્થળે કમકમાટીભર્યા મોત નિપજયું હતું.

આ ગંભીર અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક લોકો એકઠા થયા હતા અને પોલીસની ટીમ પણ ઘટના સ્થળે દોડી ગઈ હતી ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે મૃતદેહને જાફરાબાદ સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે લઈ જવામાં આવ્યો હતો.

આ લોહીયાળ અકસ્માત અંગે જાફરાબાદ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી ને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ દ્વારા બનાવ સ્થળની પરિસ્થિતિની ચકાસણી કરીને અકસ્માત કેવી રીતે સર્જાયો તે અંગે પ્રાથમિક વિગતો એકત્રિત કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. શહેરમાં સર્જાયેલા આ અકસ્માતને પગલે સ્થાનિક વિસ્તારમાં શોક અને અરેરાટી પ્રસરી ગઈ છે. જાફરાબાદ સિવિલ હોસ્પિટલ ખાતે મૃતદેહનાં પોસ્ટમોર્ટમ સહિતની જરૂરી તબીબી અને કાયદાકીય ઔપચારિકતા પૂર્ણ કરવાની કામગીરીની પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે.

બીજી તરફ પોલીસ દ્વારા આ અકસ્માત મામલે સંબંધિત વાહનો અને સંજોગો અંગે વધુ તપાસ ચલાવવામાં આવી રહી છે. સમગ્ર ઘટનામાં કાયદેસરની પ્રક્રિયા અનુસાર આગળની વિગતો સામે આવે તે દિશામાં પોલીસની તપાસ જારી છે.

ખનિજ ચોરી કરનાર સામે કડક કાર્યવાહી કરવાની માંગ

લીલીયા મોટાનાં વાઘણિયા ગામ નજીક કથિત ગેરકાયદેસર ખનનથી ગ્રામજનોમાં રોષનો માહોલ

પ્રસ્તાવિત પ્રોજેકટની મંજુરી પહેલા પર્યાવરણીય તપાસ કરવા ગ્રામજનોની માંગ



લીલીયા, તા. ૨૬

લીલીયા તાલુકાનાં વાઘણિયા ગામે ગ્રામજનો દ્વારા ગામની સીમમાં ચાલતી ગેરકાયદેસર ખનન પ્રવૃત્તિ, ખનીજ સંગ્રહ અને ભારે વાહનોની અવરજવર સામે તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું છે. આ ઉપરાંત ગામમાં પ્રસ્તાવિત બાયો મેડિકલ વેસ્ટ ટ્રીટમેન્ટ પ્રોજેકટનાં કારણે પર્યાવરણ, ખેતી, પીવાનાં પાણી, પશુધન અને વન્યજીવો પર સંભવિત ગંભીર અસરો થવાની ભીતિ વ્યકત કરી ગ્રામજનોએ નિષ્પક્ષ અને વૈજ્ઞાનિક તપાસની માંગ ઉઠાવી છે.

વાઘણિયા ગામના ગ્રામજનો દ્વારા અમરેલી જિલ્લા કલેકટર સમક્ષ કરવામાં આવેલી લેખિત રજૂઆતમાં જણાવ્યા મુજબ, ગામની સીમમાં આવેલી ખાનગી ખેતીની જમીન તેમજ તેની નજીકની ગૌચર જમીન આસપાસ ખનીજ માફિયાઓ દ્વારા કથિત રીતે ગેરકાયદેસર ખનન અને ખનીજ સંગ્રહની પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી

અનુસંધાન પાના ૬ ઉપર

સિંહણ અને બાળ સિંહની નજીક જઈને

રાજુલાનાં કોવાયા નજીક ગુજરાતી અભિનેતાએ કર્યા વીઆઈપી સિંહ દર્શન

અભિનેતાએ સોશ્યલ મીડિયામાં પોસ્ટ મુકી



અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લામાં દેશનાં ગૌરવસમા સિંહોનો વસવાટ હોવાથી અવારનવાર સિંહની પજવણીની ઘટના બનતી હોય છે.

દરમિયાનમાં રાજુલાનાં કોવાયા નજીક ગુજરાતી અભિનેતા ઓજસ રાવલે સિંહણ અને ૩ બાળ સિંહની એકદમ નજીક પહોંચી લઈને સોશ્યલ મીડિયા પોસ્ટ વાયરલ કરતાં વનવિભાગ આ પોસ્ટને ગંભીરતાથી લઈને કાર્યવાહી કરશે કે કેમ તેના પર સિંહ પ્રેમીઓની નજર મંડાયેલી છે.

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ

ડો. આશુતોષ દુધાત્રા — ન્યુરો ફીજીશ્યન મગજના રોગોના નિષ્ણાંત
તા. ૨૭/૧૧/૨૦૨૬, શુક્રવારે, સવારે ૧૧ થી ૧

ડો. અનિલ સાંજવા — પીડીયાટ્રીક સર્જન નવજાત શિશુ તથા નાના બાળકોની સર્જરીના નિષ્ણાંત સર્જન
તા. ૨૭/૧૧/૨૦૨૬, શુક્રવારે, સાંજે ૫ થી ૬

ડો. કલ્પેશ બજાણીયા — ઓર્થો એન્ડ સ્પાઈન સર્જન મણકા તથા કરોડરજ્જુની સર્જરીના નિષ્ણાંત
તા. ૨૮/૧૧/૨૦૨૬, શનિવારે, સવારે ૧૦ થી ૧૨

(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪

ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) ડો. દ્રષ્ટિ પંડ્યા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિઓલોજીસ્ટ) મો. ૮૧૯૮૩ ૯૧૫૬૬
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) મો. ૯૯૧૩૬ ૪૮૪૩૦


અરે... વાહ...
૯,૯૯૯ સુધી
કરોડોની કિંમતના ઈનામો!
હા, સાચું વાંચ્યું.
તે પણ માત્ર ₹૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી કે એક્સચેન્જ પર
ટાવર રોડ, અમરેલી. 02792-222208
94264 23006
madhuvangold.in

અમરેલીનું સૌથી જુનું અને જાણીતું ટેસ્ટટયુબ બેબી (IVF) સેન્ટર
:: ઉપલબ્ધ યોજનાઓ ::
આયુષ્માન ભારત યોજના, મેડિકલેઈમ સુવિધા GSRTC (ST) માન્ય હોસ્પિટલ, GEB/GETCO ના કર્મચારી તથા તેમના પરિવારને કેશલેસ સારવાર

નોર્મલ તથા સિઝેરીયન ડિલીવરી, ગર્ભાશય (કોથળી) ના ઓપરેશન, વ્યંધત્વની સારવાર, સ્ત્રીરોગોની સારવાર



ડો. ચેતના મુરારકર
MB, DGO (Gynec)
સ્ત્રીરોગ નિષ્ણાંત અને આઈ.વી.એફ. સ્પેશિયાલીસ્ટ

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧
ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૨ / ૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

ગાંધી અને સરદારનાં ગુજરાતનાં નાગરિકોનાં આરોગ્યની કાળજી કોણ લેશે ?

પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબોની ૭૦૦ જગ્યા ખાલી

કેન્દ્ર સરકારનાં આરોગ્ય વિભાગ દ્વારા જાહેર થયેલ તાજેતરનાં અહેવાલમાં આરોગ્ય ક્ષેત્રની પોલ ખુલી

રાજ્યમાં સરકારી શાળાઓ અને સરકારી દવાખાનામાં સુવિધામાં સતત ઘટાડો થઈ રહ્યો છે

રાજ્યનાં ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોનાં દર્દીઓને આરોગ્ય સુવિધા મેળવવી મુશ્કેલ

પ્રદેશ કોંગ્રેસનાં પ્રવકતા ડો. પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ આકરી પ્રતિક્રિયા દર્શાવી

અમદાવાદ, તા. ૨૮

ગુજરાતની સરકારી આરોગ્ય વ્યવસ્થામાં પૂરતા ડોકટરો છે ખરા ? આ સવાલનો જવાબ કેન્દ્રના આરોગ્ય મંત્રાલય દ્વારા હેલ્થ ડાયનામિકસ ઓફ ઈન્ડિયાના રિપોર્ટ ૨૦૨૪–૨૫ માં જાહેર થયો છે. ગુજરાત મોડલની પોલ ખોલતો રિપોર્ટ દર્શાવે છે કે ગુજરાત રાજયમાં ગ્રામ્ય વિસ્તારમાં પ્રાઈમરી હેલ્થ સેન્ટરમાં ૩૮૦ ડોકટરોની જગ્યા ખાલી છે. ગુજરાત રાજયના ૩૫૩ કોમ્યુનિટી હેલ્થ સેન્ટરમાં માત્ર ૨ જ કોમ્યુનિટી હેલ્થ સેન્ટરમાં ૪ સ્પેશિયલિસ ડોકટરો છે. રાજીવ ગાંધી ભવન ખાતે વિશેષ પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા ડો. પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારનો રિપોર્ટ ગુજરાતની જાહેર આરોગ્ય સેવાઓ ઉપર પ્રશ્ન ચિન્હ ઉપાડે છે અને રાજયની વરવી વાસ્તવિકતાનો ચિતાર આપે છે. ગુજરાત રાજયના કોમ્યુનિટી હેલ્થ સેન્ટરમાં૪૮૫ સ્પેશ્યાલિસ્ટ ડોકટરોની જગ્યામાંથી ૩૧૭ જગ્યાઓ ખાલી છે. ગુજરાત રાજયના કોમ્યુનિટી હેલ્થ સેન્ટરમાં ૬૫.૩% સ્પેશ્યાલિસ્ટ ડોકટરની અછત છે. ગુજરાત રાજયમાં ગ્રામ્ય વિસ્તારમાં કોમ્યુનિટી હેલ્થ સેન્ટરમાં ૧૫૫ જેટલા રેડિયોગ્રાફરની ઘટ છે જયારે પીએચસી અને સીએચસી ૧૪૭ જેટલા ફાર્માસિસ્ટની ઘટ છે.ગુજરાત રાજયમાં સીએચસી અને પીએચસીમાં ૪૦૧ લેબ ટેકનિશિયનોની ઘટ છે. ગુજરાત રાજયમાં ૬૫૧૪ જેટલા નર્સિંગ સ્ટાફની જરૂરિયાત સામે ૨૨૦૩ જેટલા નર્સિંગ સ્ટાફની ઘટ છે.

ગુજરાત રાજયના શહેરી વિસ્તારમાં જેની વસ્તી ૩.૬૪ કરોડ જેટલી છે ત્યાં ૭૨૮ જેટલા પ્રાઈમરી હેલ્થની સામે માત્ર ૪૨૮ જેટલા પીએચસી છે ત્યાં શહેરી વિસ્તારમાં ૪૧% પીએચસીની ઘટ છે. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ માંગ કરે છે કે તાત્કાલિક ૩૦૦ જેટલા નવા પીએચસી ઊભા કરવા જોઈએ જેથી શહેરી વિસ્તારને લોકોને લાભ થાય. ગ્રામ્ય વિસ્તારના સબ સેન્ટરોમાં ૪૨૬ જેટલા હેલ્થ વર્કરોની ઘટ છે, જયારે મેડિકલ ઓફિસરોની ૮૧ જગ્યાઓ શહેરી વિસ્તારના સબ સેન્ટરોમાં ખાલી છે. ગ્રામ્ય વિસ્તારના ૧૪૯૨ પ્રાઈમરી હેલ્થ સેન્ટરોમાંથી માત્ર ૪૮૫ પીએચસી ૨૪ કલાક કાર્યરત છે જયારે ૩૨૦ જેટલા સેન્ટરોમાં ઓપરેશન થિયેટર કાર્યરત છે. જયારે શહેરના ૪૨૮ પીએચસીમાંએક પણ સેન્ટર ૨૪ કલાક માટે કાર્યરત નથી જયારે ૨૩ જેટલા પીએચસીમાં ઓપરેશન થિયેટર કાર્યરત છે.

દરેક ૩૫૩ કોમ્યુનિટી હેલ્થ સેન્ટરોમાં સર્જન ડોકટરો હોવા જોઈએ તેની સંખ્યા માત્ર ૨૨ છે. તેમજ ૩૫૩ કોમ્યુનિટી સેન્ટરોમાં માત્ર ૫૮ જેટલા ગ્યનાઈકોલોજિસ્ટ અને ૫૭ જેટલા બાળકોના નિષ્ણાંત ડોકટરો છે. જે ખુબજ ઓછી છે. જનરલ ફિઝિશિયનની ૩૫૩ સીએચસીમાંથી ૩૧ જગ્યા ભરાયેલી છે જેની સામે ૩૨૨ ડોકટરોની ઘટ છે. જનરલ ડયુટી મેડિકલ ઓફિસર આયુષ સેવા એક પણ ભરતી થઈ નથી જયારે જનરલ મેડિકલ ઓફિસર એલોપેથીની ૨૯૧ જગ્યાઓ ખાલી પડી છે. આ આંકડાઓ સરકારની આરોગ્ય સેવા માટેની કેટલી ગંભીરતા છે તે દર્શાવે છે. આરોગ્ય સેવાઓ સુધારવાનો સરકારનો કેટલો ગંભીર દ્રષ્ટિકોણ છે તે આંકડાઓથી સ્પષ્ટ થાય છે. સરકારે તાત્કાલિક ડોકટરો, મેડિકલ સ્ટાફની ઘટને પૂરી કરવા ત્વરિત પગલા લેવા જોઈએ તેમ અંતમાં જણાવેલ છે.

જિલ્લા સાહિત્ય સર્જક પરિવાર આયોજિત

અમરેલી ખાતે સાહિત્ય ગોષ્ઠિ બેઠક ઉત્સાહભેર સંપન્ન

સાહિત્ય સંવાદની રસભરી જમાવટ થઈ

અમરેલી, તા. ૨૮

અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવારનાં સ્થાપક પ્રમુખ ડો. પ્રતાપભાઈ પંડયાની પ્રિય પ્રવૃતિ એટલે કે સાહિત્ય ગોષ્ઠિ સર્જક પરિવાર દ્વારા પ્રમુખ મનીષાબેન પંડયા પ્રેરિત અને વરિષ્ઠ કવિ ઉમેશભાઈ જોષીથી પ્રોત્સાહિત સાહિત્ય ગોષ્ઠિ બેઠક રવિવારનાં રોજ અમરેલી ખાતે આયોજિત કરવામાં આવી હતી.

આ બેઠકનાં પ્રારંભે પૂર્વભૂમિકામાં સંયોજક પરેશ મહેતાએ સહુને કોઈને આવકારી નૂતન વર્ષ પર્વની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. બેઠકનાં હેતુ વિશે અને સંસ્થાની પ્રવૃતિઓથી માહિતગાર કરી અને સહુને ગધ પદ્ય સાહિત્યનાં તમામ સ્વરૂપનું પોતીકું સર્જન રજૂ કરવા અને ગમતાનો ગુલાલ કરી ચર્ચા સંવાદ કરવા માટે નિમંત્રિત કર્યા હતા.

બેઠકનાં પ્રારંભમાં એ જ દિને દૈહિક વિદાય લીધી એવા ગુજરાતી ભાષાનાં વરિષ્ઠ કવિ ઋષિ કવિ રાજેન્દ્ર શુકલને ગાયત્રી મંત્ર પાઠ અને બે મિનિટ મેન રાખી ભાવાંજલિ અર્પણ કરવામાં આવી હતી.



આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત વરિષ્ઠ સાહિત્યકાર ઉમેશભાઈ જોષી, રવજીભાઈ કાચા, સહિત સર્જકો સર્વ બાલકિશન જોગી , મુકેશ જોગી, નિખિલ વસાણી, કેતન જોષી, કનુભાઈ લીબાસીયા, જોગીન રાવ, રોહિણીબેન જોશી, કે.પી. પંડયા, ઉમેશ ચાવડા, ક્રિષ્ના મહેતા સહિતનાએ કાવ્ય પ્રસ્તુતિ, વાર્તા પઠન, ભાવક સંવેદન, પુસ્તક પરિચય, કવિ રાજેન્દ્ર શુકલની રચનાઓનું પઠનને સંભારણા સાથે એમને શબ્દાંજલિ તેમજ સરસ મજાના ગીતની સૂરપ્રસ્તુતિથી માહોલ ઉમંગ ઉત્સાહ આનંદમય ભાવવાહી બની રહ્યો હતો.

કવિ લેખક કેતન જોષીએ રાજેન્દ્ર શુકલ વિશે પ્રારંભમાં ભૂમિકા બાંધી આપી હતી. આગામી દિવસોમાં કવિ રમેશ પારેખ જન્મજયંતી હોય પરેશ મહેતાએ વિશેષ વાત કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

આ બેઠકો અંગતની સાથે સંગત જેવી હોય સ્વયંભુ સહુ કોઈ ચર્ચા સંવાદમાં સહજપણે જોડાતા રહે છે. સર્વ સંચાલિત આ બેઠકોને સહુ કોઈ સાહિત્યિક સજજતા સાથે એક અનેરૂ ગૌરવ બક્ષે છે.

સર્જક પરિવારનાં મોભી મનીષાબેન પંડયા સહિત શુભચિંતક એવાં સર્જકો સર્વ વરિષ્ઠ સર્જક શિવજી રૂખડા, અરવિંદ ભટ્ટ, કાશ્મીરાબેન ભટ્ટ, વિમલ મહેતા, ડો. કેતન કાનપરિયા, ડો. કાલિન્દી પરીખ, નવીન જોશી, જે.આર. જોશી, ભારતીબેન ગોહિલ, ગોપી રાઠોડ, સંજીવ ધારૈયા, ભૂમિ ડોડીયા, આરતી પરમાર, નયના ગોહિલ, બિંદુબેન જોશી, ચેતના બાજક, કૃપા ઓઝા, દિવ્યા સોજીત્રા, અલ્પા રાવળ, ભારતીબેન પંડયા, ક્રિષ્ના પંડયા, જયોતિબેન પંડયા સહિતનાએ શુભેચ્છાઓ પાઠવી હતી.

બેઠકનું સંચાલન સંયોજક સર્જક પરેશ મહેતા અને કેતન જોષી એ રસાળ શૈલીમાં કર્યું હતું.

આજુબાજુનાં ૧૫થી ૨૦ ગામોની જનતા માટે

બાબરાનાં કોટડાપીઠા ગામે સામૂહિક આરોગ્ય કેન્દ્ર ફાળવવા માંગ કરાઈ

તાલુકા પંચાયતનાં પ્રમુખે આરોગ્યમંત્રીને પત્ર પાઠવ્યો

બાબરા, તા. ૨૮

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામ ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર (સીએચસી) ફાળવવામાં આવે તેવી માંગ સાથે બાબરા તાલુકા પંચાયતના પ્રમુખ તુષારભાઈ નારણભાઈ રામાણી દ્વારા રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીને લેખિત રજૂઆત કરવામાં આવી છે.



રજૂઆતમાં જણાવ્યા અનુસાર કોટડાપીઠા ગામ મોટી વસ્તી ધરાવતું ગામ હોવાની સાથે આસપાસનાં અનેક ગામો માટે મુખ્ય કેન્દ્ર સમાન છે. કોટડાપીઠા અને તેની આસપાસનાં અંદાજે ૧૫થી ૨૦ નાનાં–મોટાં ગામોના લોકો આરોગ્ય સેવાઓ માટે આ વિસ્તાર પર નિર્ભર છે. જોકે બાબરા તાલુકા મથક તેમજ અમરેલી જિલ્લા મથકનું અંતર વધુ હોવાથી દર્દીઓને સમયસર સારવાર મેળવવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

ખાસ કરીને અકસ્માત, પ્રસૂતિ (ડિલિવરી) તેમજ અન્ય ગંભીર બીમારીઓના કિસ્સામાં દર્દીઓને દૂરનાં શહેરોમાં લઈ જવાની ફરજ પડે છે. જેના કારણે સમયનો બગાડ થવાની સાથે દર્દીઓના જીવન સામે પણ જોખમ ઊભું થાય છે. બીજી તરફ, વસ્તીમાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે હાલની આરોગ્ય સુવિધાઓ પણ અપૂરતી સાબિત થઈ રહી છે.

કોટડાપીઠા ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર શરૂ કરવામાં આવે તો સ્થાનિક કક્ષાએ જ નિષ્ણાંત તબીબો, લેબોરેટરી, એકસ–રે તથા ૨૪ કલાક ઈમરજન્સી સારવાર જેવી સુવિધાઓ ઉપલબ્ધ થઈ શકે તેમ છે. આ ઉપરાંત આ વિસ્તારના મોટાભાગના લોકો ખેડૂતો, શ્રમિકો અને મધ્યમ વર્ગના પરિવારો સાથે સંકળાયેલા હોવાથી ખાનગી હોસ્પિટલોમાં સારવારનો મોંઘો ખર્ચ ઉઠાવવો તેમના માટે મુશ્કેલ બને છે. સરકારી સામૂહિક આરોગ્ય કેન્દ્ર શરૂ થવાથી હજારો પરિવારોને આર્થિક રાહત મળવાની સાથે ગુણવત્તાયુકત આરોગ્ય સેવાઓનો લાભ મળી શકશે.

આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને ગ્રામજનો તેમજ સમગ્ર પંથકના લોકોની લાગણી અને માંગણીને વાચા આપતાં તાલુકા પંચાયતના પ્રમુખ તુષારભાઈ નારણભાઈ રામાણીએ રાજયના આરોગ્ય મંત્રી સમક્ષ કોટડાપીઠા ગામ ખાતે નવું સામૂહિક આરોગ્ય કેન્દ્ર (સીએચસી) વહેલી તકે મંજૂર કરી જરૂરી કાર્યવાહી હાથ ધરવા ભારપૂર્વક રજૂઆત કરી છે.

રવિપાક પર સિંચાઈનું સંકટ ઘેરાઈ રહ્યું હોય

લ્યો બોલો : લાઠીનાં કેરિયા ગામનાં સૌની યોજનામાં સમાવેશ છતાં પાણી પહોંચતું નથી

ખેડૂતોએ પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું

અમરેલી, તા. ૨૮

લાઠી તાલુકામાં ઓછા વરસાદના કારણે ગાંગડીયો નદીમાં પાણીનો સંગ્રહ ન થતાં રવિ પાકના વાવેતર બાદ ખેડૂતો સામે સિંચાઈનું મોટું સંકટ ઊભું થયું છે. કેરીયા સહિત આસપાસનાં છ ગામોના ખેડૂતોના ખેતરોમાં ઊભા પાકને બચાવવા હવે સૌની યોજનાના પાણીનો સહારો જરૂરી બન્યો છે. ત્યારે ગાંગડીયો નદીમાં તાત્કાલિક પાણી છોડવામાં આવે તેવી ઉગ્ર માંગ સાથે ખેડૂતો દ્વારા તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.



લાઠી તાલુકાના કેરીયા ગામની ગાંગડીયો નદીમાં ચાલુ વર્ષે ઓછા વરસાદને કારણે પાણીનું એક ટીપું પણ ન રહેતાં ખેડૂતોની મુશ્કેલી વધી છે. સુજલામ સુફલામ યોજના અંતર્ગત ગાંગડીયો નદીને ઊંડી અને પહોળી કરવા સાથે વિવિધ સ્થળોએ બંધારા બનાવવામાં આવ્યા છે. જોકે, વરસાદની અછતના કારણે નદીમાં પાણીનો સંગ્રહ થઈ શકયો નથી. બીજી તરફ ખેડૂતોએ રવિ પાકનું વાવેતર કરી દીધું હોવાથી પાકને જીવંત રાખવા સિંચાઈ માટે પાણીની તાતી જરૂરિયાત ઊભી થઈ છે.

આ અંગે કેરીયા ગામના અગ્રણી ખેડૂત મનીષભાઈ હરિભાઈ રાછડીયાએ જણાવ્યું હતું કે, ગાંગડીયો નદીનો સૌની યોજનામાં સમાવેશ હોવા છતાં લુણકી તરફથી છોડવામાં આવતું પાણી કેરીયા સુધી પહોંચતું નથી. જો યોગ્ય વ્યવસ્થા કરીને સૌની યોજનાનું પાણી ગાંગડીયો નદીમાં છોડવામાં આવે તો કેરીયા ઉપરાંત પીપરીયા, દેવળીયા, હડતાળા, ગોવિંદપરા અને વાંડલીયા સહિતનાં છ ગામોના સેંકડો ખેડૂતોને સિંચાઈનો સીધો લાભ મળી શકે તેમ છે.

આ સમસ્યાને લઈને ગત તા. ૨૩ નવેમ્બરના રોજ ગ્રામજનો અને ખેડૂતોએ લાઠીના પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી. ઓછા વરસાદ અને નદીમાં પાણીના અભાવે ખેડૂતોના રવિ પાક પર નુકસાનનું જોખમ ઊભું થયું હોવાથી તંત્ર અને સરકાર દ્વારા તાત્કાલિક હસ્તક્ષેપ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. ખેડૂતોના મહામૂલા પાકને બચાવવા ગાંગડીયો નદીમાં સૌની યોજનાનું પાણી વહેલી તકે છોડવામાં આવે તેવી છ ગામના ખેડૂતોની લાગણી અને માંગણી છે.

નાના ભંડારીયા અને ફતેપુર મુકામે વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરતા રાજયમંત્રી કૌશિક વેકરીયા















રાજય સરકાર દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં માળખાગત સુવિધાઓ વધુ સુદ્રઢ બનાવવાનાં સંકલ્પ સાથે અમરેલી તાલુકાનાં નાના ભંડારીયા અને ફતેપુર ગામે વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાનાં હસ્તે કરવામાં આવ્યું હતું. નાના ભંડારીયા મુકામે ગ્રામજનોની આરોગ્ય સુખાકારીમાં વધારો કરવાના હેતુથી અંદાજે રૂા. ૩૫.૭૦ લાખનાં ખર્ચે નવનિર્માણ પામનાર સુવિધાસભર આરોગ્ય મંદિરનું રાજયમંત્રીનાં હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, નવનિર્મિત આરોગ્ય સબ સેન્ટરમાં નિયમિત આરોગ્ય તપાસણી, લેબોરેટરીની સુવિધા, સગર્ભા માટેની વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે અને છેવાડાનાં માનવી સુધી આરોગ્ય સુવિધાઓની પહોંચ સુનિશ્ચિત કરવામાં આવશે. આ ઉપરાંત, ગામના વહીવટી કાર્યો વધુ વેગવંતા અને સુગમ બને તે માટે નવનિર્મિત ગ્રામ પંચાયત ભવનનું પણ લોકાર્પણ કરી ગ્રામજનોની સેવામાં સમર્પિત કરવામાં આવ્યું હતું. આ ગ્રામ પંચાયત ભવન અંદાજિત રૂા. ૨૫ લાખનાં ખર્ચે આકાર પામ્યું છે. ઉપરાંત ફતેપુર મુકામે નાના ભૂલકાંઓના સર્વાંગી વિકાસ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે રૂા. ૨૫ લાખનાં ખર્ચે તૈયાર થયેલ અદ્યતન અને સુવિધાસભર આંગણવાડી કેન્દ્રનું રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ લોકાર્પણ કર્યું હતું. આ નવીન આંગણવાડીથી ગામના બાળકોને પોષણ અને શિક્ષણ માટેનું ઉત્તમ વાતાવરણ મળી રહેશે. આ પ્રસંગે સ્થાનિક પદાધિકારીઓ, સરપંચઓ, સંગઠનનાં હોદ્દેદારો, વહીવટી તંત્રનાં અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનોએ ગામમાં થયેલા આ મહત્વપૂર્ણ વિકાસકાર્યો બદલ રાજય સરકાર અને રાજયમંત્રીનો આભાર વ્યકત કર્યો હતો.

સામાજિક કાર્યકર્તા નાથાલાલ સુખડીયા અર્ધનગ્ન હાલતમાં આંદોલન કરવા પહોંચતા કલેકટરની ખાત્રી

લાઠીનાં દુધાળા ખાતે ગૌચર જમીનમાં થયેલ કથિત દબાણની તપાસ કરાશે

દુધાળા ખાતે આવેલ ગૌચરની જમીન સર્વે નં. ૧૪૦/૧/અ અને ૧૪૦/બ માં દબાણ થયાનો આક્ષેપ

જિલ્લા કલેકટર દ્વારા નાયબ જિલ્લા વિકાસ અધિકારીને તપાસ કરવા લેખિતમાં સુચના અપાઈ

જેના પર દબાણનાં આક્ષેપ છે તે ઉદ્યોગપતિની દેશનાં કદાવર નેતા સુધી પહોંચ છે

સમગ્ર જિલ્લામાં બહુચર્ચિત થયેલ કથિત દબાણ અંગે તટસ્થ તપાસ થાય છે કે કેમ તે જોવુ રસપ્રદ રહેશે









અમરેલી, તા. ૨૮

લાઠીના દુધાળા ખાતે પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયા દ્વારા ગૌચર જમીન દબાણ સામે આરટીઆઈ એક્ટિવિસ્ટ નાથાલાલ સુખડિયાએ અર્ધ નગ્ન અવસ્થામાં આંદોલન કરવાની ચીમકીને ઉચારેલી હતી. દુધાળા ખાતે સરકાર દ્વારા ગાયોના ગૌચર પર દબાણ દૂર કરે તેવી માંગ સાથે આજથી અર્ધ નગ્ન અવસ્થામાં આંદોલનનો અધ્યાય શરૂ કરવા અગાઉ નાથાલાલ સુખડિયા અમરેલી કલેકટર વિકલ્પ ભારદ્વાજને પશુપાલકો સંગાથે મળ્યા હતા. જયાં કલેકટર દ્વારા રજૂઆત સાંભળીને યોગ્ય કરવાની ખાત્રી આપેલ હતી અને અર્ધ નગ્ન અવસ્થામાં આંદોલન મોકૂફ રાખવામાં આવ્યું હતું. ત્યારે દૂધાળાની ગૌચરની જમીન સર્વે નંબર ૧૪૦/૧/અ અને ૧૪૦/બ કે જેના સામે અમે લડત ચલાવીને ધોળકિયા ફાઉન્ડેશન અને પદ્મશ્રી ધોળકિયા પરિવાર દ્વારા જે સરકારી ગૌચરની જમીન ઉપર દબાણો કર્યા હતા, એના છેલ્લા એક મહિનાથી કલેકટરને પણ ૧૬ તારીખના રોજ લેખિતમાં આવેદન આપ્યું હતું કે આ જમીનો કે જે ગાયોને પીવાના પાણી માટે આડી જાળીઓ લગાવી દેવામાં આવી છે એ મુકત કરવામાં આવે. સરકારની અને કેન્દ્ર સરકારની જે ગ્રાન્ટો૧૦૦% વપરાય છે, ૮૦% વપરાય છે ત્યાં બોર્ડ લગાવવામાં આવ્યા છે કે 'ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા નિર્મિત', પણ ખરેખર સરકારની છે. તો એમની ઉપર સરકારની ગ્રાન્ટ લખવા માટેની અમારી જે રજૂઆત હતી અમરેલી કલેકટર દ્વારા કહેવામાં આવ્યું છે કે ૧૦–૧૨ દિવસની અંદર અમે જમીનો માપણી કરી કારણ કે લેન્ડ ગ્રેબિંગની બાબત છે એટલે જમીન આઈડેન્ટિફાય કેટલું દબાણ કર્યું છે એ કરી અને ત્યારબાદ આની સામેની કડક કાર્યવાહી કરવામાં આવશે. તેવું નાથાલાલ સુખડિયાએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું. અન્યથા ૧૦ દિવસ સુધી વેઈટ કરશું. જો તંત્ર આગળ ઉપર કાર્યવાહી ન કરે, તો ફરી આંદોલન અને ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટની જે ગાઈડલાઈન છે એ મુજબ હાઈકોર્ટનું પણ શરણું લેવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારી હતી.

લાઠીના દૂધાળાની ગૌચરની જમીન (સર્વે નં. ૧૪૦/૧/અ અને ૧૪૦/બ) પર થયેલા કથિત દબાણો, ગાયોના પાણીના માર્ગ પરની જાળીઓ અને સરકારી/કેન્દ્ર સરકારની ગ્રાન્ટથી બનેલા કામો પરના બોર્ડ અંગેની રજૂઆત બાદ ૧૦–૧૨ દિવસમાં જમીનની માપણી કરી દબાણો નક્કી કર્યા બાદ કડક અને કાયદેસરની કાર્યવાહી કરવાની ખાતરી આપવામાં આવી હોવાનું જણાવાયું છે અને ૧૦ દિવસ રાહ જોયા બાદ કાર્યવાહી નહીં થાય તો ફરી આંદોલનનો અધ્યાય આરંભ થશે કે પછી ઘી ના ઠામમાં ઘી પડી જશે તે તો સમય કહેશે.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

અમરેલી જિલ્લા કક્ષાની સીનિયર સિટીઝન સ્પર્ધામાં અમરેલીની વોલીબોલ ટીમ વિજેતા



અમરેલી, તા. ૨૮

રમત–ગમત અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર તથા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના ઉપક્રમે જિલ્લા રમત–ગમત અધિકારીની કચેરી દ્વારા અમરેલી સંચાલીત જિલ્લા કક્ષાના સિનિયર સિટીઝન સ્પર્ધા, તા. ૨૫/૧૧/૨૦૨૬ ના રોજ યોજાયેલ જેમાં અમરેલીની વોલીબોલ વિજેતા થયેલ ટીમ જેમાં જે.પી. સોજીત્રા (કોચ કમ મેનેજર), ગીરીશભાઈ ત્રિવેદી (કેપ્ટન), સુરેશભાઈ ત્રિવેદી, પ્રદિપભાઈ ત્રિવેદી, રશ્મીકાંતભાઈ ત્રિવેદી, કિરણભાઈ નાંઢા, આદમભાઈ રઈસ, વિજયકુમાર સરવૈયા, ભાસ્કરભાઈ જોબનપુત્રા, રસીકભાઈ દાવડા, પ્રફુલચંદ્ર જોષીએ ભાગ લીધેલ.

આગામી સમયમાં ટીમ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરી રાજયકક્ષાએ ભાગ લેવા જશે. તેમ કિરણભાઈ નાંઢાની યાદિમાં જણાવાયું છે.

૧૬ માં વર્ષમાં મંગલ પ્રવેશ

સિકયુરીટી કોન્ટ્રાકટ માટે મળો

(ગવર્નમેન્ટ એપ્રુવ્ડ)

• ઈવેન્ટ સિકયુરીટી • વેડીંગ પાર્ટી • પરમેનેન્ટ સિકયુરીટી
• સેલીબ્રીટી પ્રોટેકશન • લેડીઝ-જેન્ટસ બાઉન્સર • ફિલ્મસેટ સિકયુરીટી
• એકિઝબીશન સિકયુરીટી • ગનમેન સિકયુરીટી • ઈન્ડસ્ટ્રિયલ સિકયુરીટી
• ડિપ્લોમેટરી સિકયુરીટી • પાર્કિંગ ફોર્સ સિકયુરીટી

રઘુપિર સિકયુરીટી એજન્સી-અમરેલી

સંપર્ક : ૯૧૦૬૦ ૧૫૦૬૧/૯૪૨૬૩ ૧૩૦૪૧

હેડ ઓફિસ : બેઝમેન્ટલ ગિરનાર કોમ્પલેક્ષ, લાઈબ્રેરી રોડ, અમરેલી ૩૬૫ ૬૦૧ (ઓલ ગુજરાત પ્રોવાઈડીંગ)

ટ્રસ્ટ, NGO, સ્કુલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશનરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કુલવગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12B, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વિગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વિગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપવામાં આવશે

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ

૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી

ભરત બી. પારેખ-૯૪૨૮૩ ૪૦૯૩૪

















બગસરા પોલીસ સ્ટેશન ખાતે જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા વાર્ષિક ઇન્સ્પેકશન કરાયું






તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા પોલીસ સ્ટેશનમાં છેલ્લા એક વર્ષ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ ગુનાખોરી ડામવા થયેલ કામગીરીની સમીક્ષા થઈ. ગુનાઓની તપાસ, આરોપીઓને સજા અપાવવા અને ભોગ બનનારને ન્યાય મળે તે માટે પોલીસની કામગીરીનું મૂલ્યાંકન કરાયું. જાહેર જનતાનાં પ્રશ્નો અંગે પણ ચર્ચા કરવામાં આવી. બગસરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં છેલ્લા એક વર્ષમાં પ્રોપર્ટી સંબંધિત આશરે ૮૦ ટકા ગુનાઓ ડિટેકટ કરવામાં આવ્યા. અમરેલી જિલ્લા પોલીસ દ્વારા અત્યાર સુધીમાં ૧૫૦થી વધુ ખોવાયેલા મોબાઈલ ફોન શોધી મૂળ માલિકોને પરત કરાયા. એસ.પી. સંજય ખરાત, બગસરા પોલીસ દ્વારા સાત મોબાઈલ ફોન પરત કરવામાં આવ્યા. ઓનલાઈન સાઈબર ફ્રોડનો ભોગ બનેલા એક વ્યકિતને રૂા. ૬૦ હજારથી વધુની રકમ પરત અપાવાઈ. સાઈબર ફ્રોડ થાય તો તાત્કાલિક ૧૯૩૦ નંબર પર સંપર્ક કરવા પોલીસ અધિક્ષક સંજય ખરાતને અપીલ કરી. ઈમરજન્સી માટે ૧૧૨ નંબરનો ઉપયોગ કરવા નાગરિકોને અપીલ કરવામાં આવી બેંકખાતા અન્ય વ્યકિતને ભાડે આપીને સાઈબર ગુનામાં ભાગીદાર ન બનવા જિલ્લા પોલીસ અધિક્ષકે લોકોને અપીલ કરી

સંસદમાં ફરી ગાજશે રાજકીય ગરમાવો

30 નવેમ્બરે લોકસભા અને 2 ડિસેમ્બરે રાજ્યસભાની બેઠક

સંસદના ચોમાસુ સત્રની કાર્યવાહી ગત ૧૩ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ અનિશ્ચિતકાળ માટે સ્થગિત કરવામાં આવી હતી

નવી દિલ્હી,તા.૨૬

સંસદની કાર્યવાહી ફરી શરૂ થવા જઈ રહી છે. કેન્દ્ર સરકારે સંસદના ચોમાસુ સત્રની બાકી રહેલી કાર્યવાહી ફરી શરૂ કરવા માટે બંને ગૃહોની બેઠક બોલાવવાની વિનંતી કરી છે. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ ગુરુવારે આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે લોકસભાની બેઠક ૩૦ નવેમ્બર ૨૦૨૬ના રોજ અને રાજ્યસભાની બેઠક ૨ ડિસેમ્બર ૨૦૨૬ના રોજ મળશે. બંને ગૃહોની કાર્યવાહી ૩ ડિસેમ્બર સુધી ચાલવાની સંભાવના છે.

કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, લોકસભાની બેઠક ૩૦ નવેમ્બરના રોજ મળશે, જ્યારે રાજ્યસભાની બેઠક ૨ ડિસેમ્બરના રોજ યોજાશે.

આ બેઠકોમાં મહત્વપૂર્ણ સરકારી કામકાજ પૂર્ણ કરવામાં આવશે. જોકે, બંને ગૃહોની કાર્યવાહી કયા સમય સુધી ચાલશે તે અંગે અંતિમ સ્પષ્ટતા થવાની બાકી છે.

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટ કરીને સ્પષ્ટતા કરી હતી કે આ કોઈ નવું સંસદીય સત્ર નથી. પરંતુ અગાઉ યોજાયેલા ચોમાસુ સત્રની બાકી રહેલી કાર્યવાહીનો જ આ ભાગ છે. આ માટે સરકારે લોકસભાના સ્પીકર અને રાજ્યસભાના સભાપતિને બંને ગૃહોની બેઠક ફરીથી બોલાવવા વિનંતી કરી છે.

ઉલ્લેખનીય છે કે સંસદના ચોમાસુ સત્રની કાર્યવાહી ગત ૧૩ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ અનિશ્ચિતકાળ માટે સ્થગિત કરવામાં આવી હતી. હવે કેન્દ્ર સરકારે જરૂરી સરકારી કામકાજ પૂર્ણ કરવા માટે આ કાર્યવાહી ફરી શરૂ કરવાનો નિર્ણય લીધો છે.

આ બેઠકો દરમિયાન કયા મહત્વના પ્રસ્તાવો, સરકારી નિર્ણયો કે અન્ય મુદ્દાઓ ગૃહમાં રજૂ કરવામાં આવશે તે અંગે હજુ સુધી વિસ્તૃત એજન્ડા જાહેર કરવામાં આવ્યો નથી. સરકાર દ્વારા જરૂરી સરકારી કામકાજ પૂર્ણ કરવાનો હેતુ જણાવવામાં આવ્યો છે.

હવે બંને ગૃહોની બેઠકમાં કયા મુદ્દાઓ ચર્ચાના કેન્દ્રમાં રહેશે અને કઈ બાબતો પર નિર્ણય લેવાશે તેના પર સૌની નજર રહેશે.

નાગપુરમાં કોકરોચ જનતા પાર્ટીનું વિરોધ પ્રદર્શન

મોદીની તસવીર રાખી વગાડી મોદી ચાલીસા, ચૂંટણીમાં ગેરરીતિના આરોપ

CJPના સ્થાપક અભિજીત દીપકેએ ચૂંટણી પંચની ભૂમિકા પર ઉઠાવ્યા સવાલ

નવી દિલ્હી, તા.૨૬

કોકરોચ જનતા પાર્ટી (CJP) ગુરુવારે નાગપુરમાં સેવ ડેમોક્રસી, સેવ કોન્સ્ટિટ્યુશન કાર્યક્રમ યોજશે. આ પ્રદર્શન અને જનસભા સાંજે 4 વાગ્યે બંધારણ ચોક ખાતે યોજાશે.આ પહેલાં CJPના સ્થાપક અભિજીત દીપકેએ પ્રેસ કોન્ફરન્સમાં ચૂંટણીમાં ગોટાળાનો આરોપ લગાવ્યો. સાથે જ તેમણે કહ્યું કે સોશિયલ મીડિયા પર પીએમ મોદીને લગતી સામગ્રીને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે, જ્યારે અન્ય રાજકીય પોસ્ટને દબાવવામાં આવી રહી છે.દીપકેએ દાવો કર્યો કે જાન્યુઆરીથી જૂન વચ્ચે ઈન્સ્ટાગ્રામ પરથી 50 લાખથી વધુ પોસ્ટ દૂર કરવામાં આવી. વિરોધ નોંધાવવા માટે તેમણે પ્રેસ કોન્ફરન્સમાં પીએમ મોદીની તસવીર લગાવી અને મોદી ચાલીસા પણ વગાડ્યા.CJPના સ્થાપક અભિજિત દીપકેએ ચૂંટણી પ્રક્રિયા અને ચૂંટણી પંચની ભૂમિકા પર સવાલો ઉઠાવ્યા. તેમણે આરોપ લગાવ્યો કે ચૂંટણીઓમાં ગેરરીતિઓ થઈ રહી છે અને ચૂંટણીઓ માત્ર ઔપચારિકતા બનીને રહી ગઈ છે.તેમણે કહ્યું કે દેશ બંધારણ અને ડૉ. ભીમરાવ આંબેડકરના વિચારો અનુસાર ચાલવો જોઈએ. દીપકેના જણાવ્યા અનુસાર, CJP કોઈ રાજકીય પક્ષનું સમર્થન કરતી નથી અને ન તો પક્ષ બનાવવાની યોજના ધરાવે છે. સંગઠન રોજગાર, શિક્ષણ, આરોગ્ય અને પાયાની સુવિધાઓ જેવા મુદ્દાઓને પ્રાથમિકતા આપવા માંગે છે.પ્રદર્શનમાં અભિનેતા પ્રકાશ રાજ અને CJPના સહ-સંયોજક આશુતોષ રાંકા પણ સામેલ થશે. રાંકાએ જણાવ્યું કે સંગઠન મહારાષ્ટ્રના દુષ્કાળગ્રસ્ત વિદર્ભ અને મરાઠવાડામાં છ દિવસનું 'શું કહે છે જનતા' અભિયાન ચલાવશે. આ અંતર્ગત સભ્યો ખેડૂતો સાથે વાતચીત કરીને તેમની સમસ્યાઓ સામે લાવશે.ગોવામાં મળેલા સારા પ્રતિસાદ બાદ આ અભિયાન દિલ્હી, કેરળ, ઝારખંડ, બિહાર, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં પણ ચલાવવામાં આવશે. ગોવામાં સ્થાનિક લોકો અને સામાજિક સંગઠનો સાથે મળીને નાગરિક ઘોષણાપત્ર પણ તૈયાર કરવામાં આવશે.

લંડન જતી ફ્લાઇટમાં અટકાવાયા બાદ વિવાદ

CJPના સહ-સંયોજક સૌરભ દાસને લગતો પાસપોર્ટ વિવાદ વધુ વકર્યો

CJP નેતાના પાસપોર્ટમાં પિતાનું નામ ન હોવાને લઈને સોશિયલ મીડિયા પર ચર્ચા; દાસે પાસપોર્ટ લીક થવા અંગે વિદેશ મંત્રાલય સામે પણ સવાલો ઉઠાવ્યા

નવી દિલ્હી,તા.૨૬

કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સહ-સંયોજક સૌરભ દાસને લગતો પાસપોર્ટ વિવાદ વધુ વકર્યો છે. લંડન જતી ફ્લાઇટમાં મુસાફરી કરતા અટકાવાયા બાદ હવે તેમના પાસપોર્ટની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે. પાસપોર્ટની નકલ જાહેર થયા બાદ તેમાં પિતાનું નામ ન હોવાને લઈને કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સે સવાલો ઉઠાવ્યા છે. બીજી તરફ, દાસે અંગત દસ્તાવેજ સોશિયલ મીડિયા સુધી કેવી રીતે પહોંચ્યો તે અંગે સવાલો ઉઠાવી કાનૂની કાર્યવાહી કરવાની ચીમકી આપી છે.

સમગ્ર મામલો સોમવારે શરૂ થયો હતો. સૌરભ દાસે દિલ્હી એરપોર્ટ પરથી વીડિયો શેર કરીને દાવો કર્યો હતો કે તેમનો પાસપોર્ટ ફ્લેગ કરવામાં આવ્યો હોવાથી તેમને લંડનની ફ્લાઇટમાં બેસતા અટકાવવામાં આવ્યા હતા. તેમણે ઓક્સફર્ડ યુનિવર્સિટી સાથે જોડાયેલા એક કાર્યક્રમમાં હાજરી આપવા માટે આમંત્રણ મળ્યું હોવાનું પણ જણાવ્યું હતું.

આ પછી વિદેશ મંત્રાલય તરફથી સ્પષ્ટતા કરવામાં આવી હતી કે પાસપોર્ટમાં જન્મસ્થળને લગતી કેટલીક વિસંગતતાઓ મળી આવ્યા બાદ તેમને કારણદર્શક નોટિસ આપવામાં આવી હતી. મામલો ઉકેલાય ત્યાં સુધી પાસપોર્ટનો ઉપયોગ ન કરી શકાય તેમ જણાવાયું હતું. દાસે આ મુદ્દે દિલ્હી હાઈકોર્ટનો પણ સંપર્ક કર્યો હતો.

બુધવારે સોશિયલ મીડિયા પર વર્ષ ૨૦૨૧માં જારી થયેલા દાસના પાસપોર્ટની તસવીરો વાયરલ થઈ હતી. તેમાં માતાનું નામ દર્શાવવામાં આવ્યું છે, જ્યારે પિતાના નામનો ઉલ્લેખ ન હોવાનું જોવા મળ્યું હતું. આ મુદ્દે સોશિયલ મીડિયા પર તેમની ટીકા શરૂ થઈ હતી.

જોકે, સિંગલ પેરેન્ટના કિસ્સામાં પાસપોર્ટ માટે માતા અથવા પિતામાંથી કોઈ એકનું નામ દર્શાવવાની જોગવાઈ હોવાને કારણે માત્ર પિતાનું નામ ન હોવું પોતે જ કોઈ ગેરરીતિ સાબિત કરતું નથી.સૌરભ દાસે દાવો કર્યો છે કે રાજકીય રીતે વિરોધી વિચારધારા ધરાવતા કેટલાક સોશિયલ મીડિયા હેન્ડલ્સે તેમનો પાસપોર્ટ લીક કર્યો છે. તેમણે સવાલ ઉઠાવ્યો છે કે તેમનો અંગત અને સંવેદનશીલ દસ્તાવેજ સોશિયલ મીડિયા સુધી કેવી રીતે પહોંચ્યો.

દાસે અગાઉ તેમનું રહેણાક સરનામું પણ જાહેર કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ કર્યો હતો. હવે પાસપોર્ટની તસવીરો વાયરલ કરનારા સોશિયલ મીડિયા હેન્ડલ્સ સામે ફોજદારી ફરિયાદ કરવાની ચીમકી તેમણે આપી છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે ચેન્નાઈ સ્થિત પ્રાદેશિક પાસપોર્ટ કચેરી દ્વારા જન્મસ્થળ સંબંધિત વિસંગતતાઓ અંગે દાસને કારણદર્શક નોટિસ આપવામાં આવી છે. તેમને સાત દિવસમાં જવાબ રજૂ કરવા જણાવાયું છે.મંત્રાલયના જણાવ્યા અનુસાર, પાસપોર્ટ અરજીમાં અરજદારે સાચી અને સંપૂર્ણ માહિતી આપવાની હોય છે. તપાસ દરમિયાન કોઈ વિસંગતતા અથવા માહિતી છુપાવવાનો મુદ્દો સામે આવે તો સંબંધિત વ્યક્તિને પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપવામાં આવે છે. હવે દાસના જવાબ અને સત્તાવાર તપાસ બાદ સમગ્ર મામલાની આગળની સ્થિતિ સ્પષ્ટ થશે.

ટોરેન્ટ પાવરે વધાર્યો ફ્યુઅલ સરચાર્જ

અમદાવાદમાં યુનિટ દીઠ ૨૯ પૈસા અને સુરતમાં ૩૪ પૈસાનો વધારો

આ વધારાની સીધી અસર બંને શહેરોના અંદાજે ૪૩ લાખ વીજ ગ્રાહકોના માસિક વીજ બિલ પર જોવા મળશે

સુરત,તા.૨૬

મોંઘવારીથી પહેલેથી જ પરેશાન અમદાવાદ અને સુરતના વીજ ગ્રાહકો માટે વધુ એક ખર્ચાળ સમાચાર સામે આવ્યા છે. ટોરેન્ટ પાવરે બંને શહેરોમાં ફ્યુઅલ સરચાર્જમાં વધારો કર્યો છે. ઓક્ટોબરથી ડિસેમ્બર ક્વાર્ટર માટે સુધારેલા સરચાર્જના દર લાગુ કરવામાં આવ્યા છે. આ વધારાની સીધી અસર બંને શહેરોના અંદાજે ૪૩ લાખ વીજ ગ્રાહકોના માસિક વીજ બિલ પર જોવા મળશે.

અમદાવાદમાં ટોરેન્ટ પાવરનો ફ્યુઅલ સરચાર્જ પ્રતિ યુનિટ રૂ.૩.૭૨થી વધારીને રૂ.૪.૦૧ કરવામાં આવ્યો છે. એટલે કે ગ્રાહકોને અગાઉની સરખામણીએ દરેક યુનિટ વીજ વપરાશ પાછળ ૨૯ પૈસા વધુ ચૂકવવા પડશે.

વીજ વપરાશ વધુ ધરાવતા ઘર, દુકાન અને વ્યવસાયિક એકમો માટે આ વધારાના કારણે બિલમાં નોંધપાત્ર વધારો થઈ શકે છે.

સુરતના વીજ ગ્રાહકો માટે પણ ફ્યુઅલ સરચાર્જમાં વધારો કરવામાં આવ્યો છે. અહીં પ્રતિ યુનિટ સરચાર્જ રૂ.૨.૪૪થી વધારીને રૂ.૨.૭૮ કરવામાં આવ્યો છે. આમ સુરતના ગ્રાહકો પર પ્રતિ યુનિટ ૩૪ પૈસાનો વધારાનો બોજ પડશે.

અમદાવાદ અને સુરતમાં ટોરેન્ટ પાવરના લાખો ગ્રાહકો છે. ફ્યુઅલ સરચાર્જમાં થયેલા વધારાને કારણે ઓક્ટોબરથી ડિસેમ્બર ક્વાર્ટરના વીજ બિલમાં વધારાની રકમ ઉમેરાશે. ખાસ કરીને વધુ વીજળી વાપરતા ગ્રાહકો માટે આ વધારો વધુ અસરકારક બની શકે છે.

ફ્યુઅલ સરચાર્જમાં વધારાથી ઘરેલુ બજેટ ઉપરાંત નાના વેપારીઓ અને વીજળી પર આધારિત વ્યવસાયોના ખર્ચમાં પણ વધારો થવાની શક્યતા છે. વધતા વીજ ખર્ચનો અંતે માલ-સેવા અને દૈનિક જીવનના ખર્ચ પર પણ પરોક્ષ પ્રભાવ પડી શકે છે.

ભારત અને અમેરિકા વચ્ચે વેપાર ટેરિફને લઈને તણાવ

અમેરિકાએ ભારતીય ઉત્પાદનો પર ૨૫ ટકા સુધી આયાત શુલ્ક લાદવાનો પ્રસ્તાવ મૂક્યા બાદ ભારતીય વેપારીઓમાં ચિંતા વધી છે

નવી દિલ્હી,તા.૨૬

ભારત અને અમેરિકા વચ્ચે વેપાર ટેરિફને લઈને તણાવ વધતો જોવા મળી રહ્યો છે. અમેરિકાએ ભારતીય ઉત્પાદનો પર ૨૫ ટકા સુધી આયાત શુલ્ક લાદવાનો પ્રસ્તાવ મૂક્યા બાદ ભારતીય વેપારીઓમાં ચિંતા વધી છે. આ સ્થિતિમાં વેપારીઓના સંગઠન ચેમ્બર ઓફ ટ્રેડિંગ ઇન્ડસ્ટ્રી (CTI)એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અમેરિકન ઉત્પાદનો પર પણ ૨૫ ટકા જવાબી ટેરિફ લગાવવાની અપીલ કરી છે.

અમેરિકાના પ્રસ્તાવિત ટેરિફની અસર ભારતના આશરે ૪૮ અબજ અમેરિકન ડૉલરના નિકાસ વેપાર પર પડી શકે છે. એટલું જ નહીં, અંદાજે ૫ લાખ નોકરીઓ જોખમમાં મુકાઈ શકે છે.

ચેરમેને જણાવ્યું કે ટેરિફ વધવાથી ભારતીય ઉત્પાદનો અમેરિકાના બજારમાં મોંઘા થઈ જશે. પરિણામે અમેરિકન ખરીદદારો ભારતના બદલે અન્ય દેશોમાંથી માલ ખરીદવાનું પસંદ કરી શકે છે.

વેપારીઓના મતે ફાર્માસ્યુટિકલ્સ, ઇલેક્ટ્રોનિક્સ, સીફૂડ, જેમ્સ એન્ડ જ્વેલરી, ચામડાં, ધાતુઓ અને ઓટો કમ્પોનન્ટ્સ જેવા ક્ષેત્રો પર અસર થવાની શક્યતા છે. ખાસ કરીને અમેરિકામાં નિકાસ કરતા નાના અને મધ્યમ ઉદ્યોગો માટે મુશ્કેલી વધી શકે છે.

અમેરિકાએ ભારત સાથે વેપાર કરાર નહીં થાય તો ભારતીય ઉત્પાદનો પર ૨૫ ટકા ટેરિફ લાદવાનો પ્રસ્તાવ મૂક્યો છે. અમેરિકાના વેપાર પ્રતિનિધિ કાર્યાલય (USTR)એ ભારતીય બજારમાં પ્રવેશના અવરોધો અને ઔદ્યોગિક નીતિઓ અંગે ચિંતા વ્યક્ત કરી છે.

અમેરિકાની આ નીતિ માત્ર નિકાસકારો માટે જ નહીં, પરંતુ રોજગાર અને ભારતીય ઉદ્યોગો માટે પણ મહત્વપૂર્ણ બની શકે છે. હવે વેપારીઓની ૨૫ ટકા જવાબી ટેરિફની માંગ પર કેન્દ્ર સરકાર શું નિર્ણય લે છે તેના પર સૌની નજર છે. ભારત-અમેરિકા વચ્ચેની વેપાર મંત્રણા આગામી સમયમાં બંને દેશોના આર્થિક સંબંધોની દિશા નક્કી કરી શકે છે.

હવે દેશમાં જ બનશે ટનલ બોરિંગ મશીન અને ક્રેન

મોદી કેબિનેટે રૂપિયા ૧૯,૯૩૪ કરોડના ૫ પ્રોજેક્ટને આપી મંજૂરી

ચીન પરની આયાત નિર્ભરતા ઘટાડવા ૧૧ હજાર કરોડની યોજના; આસામમાં નવું એરપોર્ટ, તમિલનાડુમાં કન્ટેનર ટર્મિનલ અને પોસ્ટલ સેવાઓનું આધુનિકીકરણ થશે

નવી દિલ્હી, તા.૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં દેશના માળખાકીય વિકાસ અને ઔદ્યોગિક ક્ષેત્રને વેગ આપવા માટે કુલ રૂ. ૧૯,૯૩૪ કરોડના પાંચ મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. આ નિર્ણયોમાં ભારતમાં જ ટનલ બોરિંગ મશીન, ક્રેન અને બુલડોઝર સહિતનાં ભારે બાંધકામ ઉપકરણોનું ઉત્પાદન કરવા માટેની યોજના, તમિલનાડુમાં નવા કન્ટેનર ટર્મિનલનું નિર્માણ, આસામમાં ગ્રીનફિલ્ડ એરપોર્ટ, તેમજ પોસ્ટલ સેવાઓ અને સરકારી મિલકતોના આધુનિકીકરણનો સમાવેશ થાય છે. સરકારના આ નિર્ણયોથી દેશમાં સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન મળવાની સાથે આયાત પરની નિર્ભરતા ઘટાડવા, રોકાણ વધારવા અને રોજગારીની નવી તકો ઊભી થવાની અપેક્ષા છે. કેન્દ્રીય કેબિનેટે કન્સ્ટ્રક્શન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર મશીનરીના સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે રૂ. ૧૧,૦૦૦ કરોડની યોજનાને મંજૂરી આપી છે. આ યોજના આગામી આઠ વર્ષ સુધી અમલમાં રહેશે. હાલમાં ભારતની જરૂરિયાતનાં અંદાજે ૪૫ ટકા બાંધકામ ઉપકરણો વિદેશમાંથી આયાત કરવામાં આવે છે.

આ આયાત નિર્ભરતા ઘટાડવા માટે ટનલ બોરિંગ મશીન, એક્સકેવેટર, ક્રેન અને બુલડોઝર સહિત સાત શ્રેણીનાં ભારે ઉપકરણોનું દેશમાં જ ઉત્પાદન કરવામાં આવશે. આ ઉપરાંત એન્જિન અને હાઇડ્રોલિક સિસ્ટમ સહિત પાંચ મુખ્ય ઘટકોના સ્થાનિક ઉત્પાદનને પણ પ્રોત્સાહન આપવામાં આવશે. મશીનોના પરીક્ષણ માટે ARAIને રૂ. ૩૭૫ કરોડની ગ્રાન્ટ આપવામાં આવશે.

આ યોજનાથી અંદાજે રૂ. ૨૧,૦૦૦ કરોડનું રોકાણ આવવાની અપેક્ષા છે. કેબિનેટે તમિલનાડુના કામરાજાર પોર્ટ લિમિટેડ ખાતે બીજા કન્ટેનર ટર્મિનલના નિર્માણને પણ મંજૂરી આપી છે. પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશિપ (PPP) મોડલ હેઠળ તૈયાર થનારા આ પ્રોજેક્ટ પાછળ રૂ. ૪,૨૮૮.૨૬ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. આશરે ૯૦૦ મીટર લાંબું આ ટર્મિનલ બે તબક્કામાં વિકસાવવામાં આવશે. તેની વાર્ષિક હેન્ડલિંગ ક્ષમતા ૨૦ લાખ TEU જેટલી રહેશે. આ ટર્મિનલ મોટા કન્ટેનર જહાજોને સંભાળવામાં સક્ષમ બનશે. પ્રોજેક્ટથી આશરે ૧,૫૫૦ લોકોને રોજગારી મળવાની સંભાવના છે. આ પ્રોજેક્ટનો સંપૂર્ણ ખર્ચ ખાનગી ભાગીદારો દ્વારા ઉઠાવવામાં આવશે. ઉત્તર-પૂર્વ ભારતના હવાઈ જોડાણને મજબૂત બનાવવા માટે આસામના સિલચર નજીક ડોલૂ ખાતે નવા ગ્રીનફિલ્ડ એરપોર્ટના નિર્માણને મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટ પાછળ રૂ. ૨,૦૧૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે. નવા એરપોર્ટમાં ૧૨,૩૫૧ ચોરસ મીટર વિસ્તારમાં આધુનિક ટર્મિનલ બનાવવામાં આવશે. તે પીક અવર્સ દરમિયાન ૮૦૦ મુસાફરોને સંભાળી શકશે. એરપોર્ટ પર A-320 વિમાનો માટે ૨,૭૦૫ મીટર લાંબો રનવે અને એકસાથે છ વિમાનો પાર્ક કરવાની સુવિધા હશે. આ એરપોર્ટ કાર્યરત થતાં દક્ષિણ આસામના બરાક ખીણ વિસ્તાર ઉપરાંત આસપાસનાં રાજ્યોમાં વેપાર, કૃષિ, ઉદ્યોગ અને પ્રવાસન ક્ષેત્રને વેગ મળવાની અપેક્ષા છે.ભારતીય ટપાલ વિભાગની કામગીરીને વધુ આધુનિક, ઝડપી અને કાર્યક્ષમ બનાવવા માટે પોસ્ટલ ઓપરેશન્સ સ્કીમ હેઠળ રૂ. ૧,૧૪૧ કરોડના બજેટને મંજૂરી આપવામાં આવી છે. આ યોજના દ્વારા ટપાલ સેવાઓની કામગીરી અને વ્યવસ્થાપનને વધુ સુદૃઢ બનાવવાનો હેતુ છે. કેબિનેટે એસ્ટેટ મેનેજમેન્ટ સ્કીમ હેઠળ રૂ. ૧,૪૯૧ કરોડની ફાળવણીને પણ મંજૂરી આપી છે. આ રકમનો ઉપયોગ ટપાલ વિભાગની મિલકતો, ઈમારતો અને માળખાકીય સુવિધાઓના યોગ્ય સંચાલન, જાળવણી અને આધુનિકીકરણ માટે કરવામાં આવશે.

કેન્દ્ર સરકારના આ પાંચ નિર્ણયોમાં ઔદ્યોગિક ઉત્પાદનથી લઈને પરિવહન, બંદર વિકાસ અને ટપાલ સેવાઓ સુધીના વિવિધ ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા છે. ખાસ કરીને ભારે બાંધકામ મશીનરીનું ભારતમાં ઉત્પાદન શરૂ થવાથી વિદેશી આયાત પરની નિર્ભરતા ઘટાડવામાં મદદ મળી શકે છે. સાથે જ નવા એરપોર્ટ અને કન્ટેનર ટર્મિનલથી વેપાર તથા પરિવહન ક્ષેત્રને પ્રોત્સાહન મળવાની અપેક્ષા છે.

ગુજરાત હાઈકોર્ટનો રેલવે વળતર અંગે મહત્વનો ચુકાદો

રેલવે ટ્રેક ઓળંગતી વખતે અકસ્માતે મોત થાય તો રેલવેએ વળતર ચૂકવવું પડે

ગાંધીનગર, તા.૨૬

ગુજરાત હાઈકોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદા મારફતે ઠરાવ્યું છે કે, રેલવે ટ્રેક પર અકસ્માતમાં મૃત્યુ થાય તો ટ્રેક ક્રોસ કરવાની બેદરકારીના આધારે મૃત્યુ થયું હોવાનું કહી ભોગ બનનારના કિસ્સામાં વળતર નકારી શકાય નહીં. રેલવે ટ્રેક પર અકસ્માતમાં મૃત્યુના કિસ્સામાં વળતર નકારવાનો રેલવે ટ્રિબ્યુનલનો અભિગમ ખામીયુક્ત અને રેલવે અકસ્માત વળતર કાયદાની જોગવાઈ વિરુદ્ધનો છે.વ્યસ્ત રેલવે સ્ટેશનો અને યાર્ડ્સ, ખાસ કરીને જ્યાં ફુટ ઓવરબ્રિજ અથવા તો દુર્ગમ, દૂર કે ભીડભાડવાળા હોય છે, ત્યાં મુસાફરો વારંવાર પ્લેટફોર્મ પર પહોંચવા અથવા પરિસરમાંથી બહાર નીકળવા માટે પાટા ઓળંગતા હોય છે. ત્યારે રેલવે તંત્ર પોતાની જવાબદારીમાંથી છટકવા માટે આવા કૃત્યોને મુસાફરીની બેદરકારી ગણાવી તેને ગુનાહિત કૃત્ય અથવા જાતે પહોંચાડેલી ઈજા તરીકે સરખાવી શકે નહીં.રેલવે ટ્રેક ક્રોસ કરતી વખતે કપાઈને મૃત્યુ પામનાર એક યુવકના કિસ્સામાં તેના આશ્રિતોને વળતર નકારવાના રેલવે ટ્રિબ્યુનલના હુકમને હાઈકોર્ટના જસ્ટિસ દિવ્યેશ એ. જોશીએ ગેરકાયદે અને રદબાતલ ઠરાવ્યો હતો અને મૃતક યુવકના પરિવારજનોને ૯ ટકા વ્યાજ સાથે રૂ. ૮ લાખનું વળતર ચૂકવવાનો હુકમ કર્યો હતો. રાજબહાદુર અને અન્યની યુનિયન ઓફ ઈન્ડિયા સામેની ફર્સ્ટ અપીલમાં હાઈકોર્ટે આ ચુકાદો આપ્યો હતો.કેસની હકીકત મુજબ, ગત તા. ૧૮ જુલાઈ, ૨૦૨૩ના રોજ યુવક કાનપુર સેન્ટ્રલથી અમદાવાદ આવતી હાવડા-ગાંધીધામ ગરબા સુપરફાસ્ટ એક્સપ્રેસમાં માન્ય ટિકિટ સાથે મુસાફરી કરી રહ્યો હતો. ટ્રેનના જનરલ કોચમાં ભારે ભીડ અને ટ્રેનના અચાનક ઝટકાને કારણે તે ટ્રેનમાંથી પડી ગયો હતો અને ટ્રેન સાથે ઘસડાતાં ગંભીર ઈજાઓ થઈ હતી. ત્યારબાદ તે ટ્રેકની બીજી તરફ જવાનો પ્રયાસ કરતી વખતે અમદાવાદ-વડોદરા મેમુ સ્પેશિયલ ટ્રેનની અડફેટે આવી જતાં તેનું સ્થળ પર જ મૃત્યુ થયું હતું. પરિવારજનોએ રૂ. ૮ લાખના વળતર માટે રેલવે ક્લેમ્સ ટ્રિબ્યુનલમાં અરજી કરી હતી, પરંતુ ટ્રિબ્યુનલ દ્વારા તા. ૭ નવેમ્બર, ૨૦૨૪ના રોજ અરજી ફગાવી દેવાઈ હતી. જેને પગલે પરિવારજનોએ હાઈકોર્ટમાં વળતર મેળવવા અપીલ કરી હતી.

ભારતીય સંવિધાન દિવસ નિમિત્તે

બાબરા ભાજપનાં અગ્રણીઓ અમરેલી ખાતે સંવિધાન દિવસની ઉજવણીમાં જોડાયા

ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકરને પુષ્પાંજલિ અર્પણ કરી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૮

ભારતીય સંવિધાન દિવસ નિમિત્તે અમરેલી ખાતે આયોજિત વિશેષ કાર્યક્રમમાં બાબરા ભાજપનાં અગ્રણીઓ તેમજ તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિનાં ચેરમેન સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ભારતનાં પવિત્ર સંવિધાનનાં ઘડવૈયા, ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકરજીને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી તેમના રાષ્ટ્રનિર્માણમાં આપેલા અમૂલ્ય યોગદાનને યાદ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં બાબરા તાલુકા પંચાયત સામાજિક ન્યાય સમિતિનાં ચેરમેન કિરીટભાઈ બગડા, તાલુકા ભાજપ ઉપપ્રમુખ સુરજીતભાઈ ડેર, કિસાન મોરચાનાં પ્રમુખ સુરેશભાઈ દેસાઈ, મોરચાનાં મહામંત્રી અનિલભાઈ બગડા, અમરેલી સામાજિક ન્યાય સમિતિનાં પૂર્વ ચેરમેન કમાભાઈ સોલંકી, દલિત સમાજનાં યુવા આગેવાનો સંજયભાઈ વાળા, જયરાજભાઈ પરમાર, સાગરભાઈ રાઠોડ, કલ્પેશ પરમાર તેમજ કુંવરગઢનાં સરપંચ પ્રકાશભાઈ પરમાર સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત આગેવાનોએ ભારતીય સંવિધાનનાં મૂલ્યો, સમાનતા, ન્યાય, બંધુત્વ અને લોકશાહીનાં આદર્શોને જીવનમાં ઉતારવા તેમજ ડો. બાબાસાહેબ આંબેડકરનાં વિચારોને જનજન સુધી પહોંચાડવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

શેરબજારમાં તેજીનો માહોલ

સેન્સેક્સ ૩૯૦ પોઈન્ટના ઉછાળા સાથે ૮૪,૩૨૮ પર બંધ

સેક્ટર પ્રમાણે FMCG, ઓટો, બેંકિંગ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સના શેરોમાં મજબૂતી જોવા મળી

મુંબઈ,તા.૨૬

ભારતીય શેરબજારમાં ગુરુવારે તેજીનો માહોલ જોવા મળ્યો હતો. સપ્તાહના ચોથા કારોબારી દિવસે મજબૂત શરૂઆત બાદ બજારમાં નફારૂપી વેચવાલી પણ જોવા મળી હતી, પરંતુ અંતે સેન્સેક્સ અને નિફ્ટી બંને લીલા નિશાનમાં બંધ થયા હતા. સેન્સેક્સ ૩૯૦.૩૧ પોઈન્ટના ઉછાળા સાથે ૮૪,૩૨૮ પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૬૫.૨૫ પોઈન્ટ વધીને ૨૫,૮૮૪.૫૦ના સ્તરે પહોંચ્યો હતો. ગુરુવારે બજારની શરૂઆત મજબૂત રહી હતી. દિવસ દરમિયાન સેન્સેક્સ ૮૪,૫૫૧ અને નિફ્ટી ૨૫,૯૭૪ના ઊંચા સ્તરે પહોંચ્યા હતા. જોકે, ઊંચા સ્તરે રોકાણકારો દ્વારા નફાવસૂલાત થતાં બજારમાં થોડો ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સઃ ૩૯૦.૩૧ પોઈન્ટનો વધારો, ૮૪,૩૨૮ પર બંધ. નિફ્ટીઃ ૬૫.૨૫ પોઈન્ટનો વધારો, ૨૫,૮૮૪.૫૦ પર બંધ.

આ સેક્ટરના શેરોમાં જોવા મળી ખરીદી સેક્ટર પ્રમાણે FMCG, ઓટો, બેંકિંગ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સના શેરોમાં મજબૂતી જોવા મળી હતી.

આ ઉપરાંત મેટલ, IT અને રિયલ્ટી ક્ષેત્રના શેરોમાં પણ ખરીદીનો માહોલ રહ્યો હતો. NSEના મેટલ, IT અને રિયલ્ટી સૂચકાંકોમાં આશરે ૧થી ૩ ટકાનો વધારો નોંધાયો હતો.નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૩૦ શેરો ઘટાડા સાથે કારોબાર કરતા જોવા મળ્યા હતા. એશિયન પેઇન્ટ્સ, નેસ્લે ઈન્ડિયા, શ્રીરામ ફાઇનાન્સ, બજાજ ફાઇનાન્સ અને બજાજ ફિનસર્વના શેરોમાં ૨થી ૩ ટકાનો ઘટાડો નોંધાયો હતો.બીજી તરફ, BSEના શેરમાં ૫.૫ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. HCL ટેક અને હિન્દાલ્કોના શેરોમાં પણ ૩થી ૪ ટકાની મજબૂતી નોંધાઈ હતી.

બજારમાં તેજી હોવા છતાં કેટલાક શેરોમાં નફાવસૂલાત જોવા મળી હતી. તેથી આગામી સત્રોમાં વૈશ્વિક સંકેતો, સેક્ટર પ્રમાણે ખરીદી અને રોકાણકારોના વલણ પર બજારની દિશા નિર્ભર રહેશે.

અખિલેશ યાદવના મેનિફેસ્ટોમાં મોટી જાહેરાતો

નોકરીથી પેન્શન સુધી, અખિલેશના વાયદાઓનો પટારો ખુલ્યો

પરીક્ષા વ્યવસ્થામાં પારદર્શિતા લાવવા અને પેપર લીક જેવી ઘટનાઓ અટકાવવા કડક પગલાં લેવાની ખાતરી આપવામાં આવી છે

લખનૌ,તા.૨૬

ઉત્તર પ્રદેશમાં આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને સમાજવાદી પાર્ટી (SP)એ પોતાનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે. પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે બંધારણ દિવસના અવસરે PDA સંકલ્પ પત્ર રજૂ કરીને યુવાનો, ખેડૂતો, મહિલાઓ, સરકારી કર્મચારીઓ અને પછાત વર્ગો માટે અનેક મોટી જાહેરાતો કરી છે. આ મેનિફેસ્ટોમાં ૧૦ લાખ સરકારી નોકરીઓ, બેરોજગાર યુવાનોને દર મહિને ૫,૦૦૦નું ભથ્થું અને જૂની પેન્શન યોજના (OPS) ફરી શરૂ કરવા જેવા વાયદાઓનો સમાવેશ થાય છે.

યુવાનો માટે ૧૦ લાખ નોકરી અને ૫,૦૦૦ ભથ્થું

અખિલેશ યાદવે યુવાનોને રોજગાર આપવાનો મોટો વાયદો કર્યો છે. તેમના સંકલ્પ પત્રની મુખ્ય જાહેરાતો આ મુજબ છે:

આગામી પાંચ વર્ષમાં ૧૦ લાખ સરકારી નોકરીઓ આપવાનો વાયદો.

બેરોજગાર યુવાનોને દર મહિને ૫,૦૦૦ ભથ્થું.

સરકારી અને ખાનગી ક્ષેત્રમાં રોજગારની તકો વધારવી.

અટકેલી શિષ્યવૃત્તિઓ શરૂ કરવી.

કૌશલ્ય વિકાસ અને સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવું.

વિદેશમાં અભ્યાસ અને રમતગમત માટે આર્થિક મદદ કરવી.

બંધ થયેલી સરકારી શાળાઓ ફરી શરૂ કરાશે

શિક્ષણ ક્ષેત્રે પણ સમાજવાદી પાર્ટીએ મહત્વપૂર્ણ જાહેરાતો કરી છે. બંધ થયેલી તમામ સરકારી પ્રાથમિક શાળાઓ ફરી શરૂ કરવાનું વચન આપવામાં આવ્યું છે. શિક્ષામિત્રો, પ્રશિક્ષકો અને શિક્ષકોને સન્માનજનક પગાર તથા કાયમી રોજગાર આપવાની દિશામાં કામ કરવાની વાત પણ કરવામાં આવી છે. પરીક્ષા વ્યવસ્થામાં પારદર્શિતા લાવવા અને પેપર લીક જેવી ઘટનાઓ અટકાવવા કડક પગલાં લેવાની ખાતરી આપવામાં આવી છે.

સરકારી કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજના (OPS) ફરીથી લાગુ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આંગણવાડી સહાયિકાઓ, નર્સિંગ સ્ટાફ, કરાર આધારિત કર્મચારીઓ અને આઉટસોર્સિંગ કર્મચારીઓને સન્માનજનક પગાર આપવાનું પણ વચન છે.

પાર્ટીએ ખેડૂતોના હિતોનું રક્ષણ કરવા અને તેમની આવક વધારવા માટે કામ કરવાની ખાતરી આપી છે. ખેડૂતોના આંદોલન દરમિયાન જીવ ગુમાવનારા ખેડૂતોને શ્રદ્ધાંજલિ આપતાં અખિલેશ યાદવે કૃષિ ક્ષેત્રને પ્રાથમિકતા આપવાની વાત કરી હતી.

આ ઉપરાંત PDA એટલે કે પછાત, દલિત અને અલ્પસંખ્યક વર્ગોને સમાન રાજકીય અને સામાજિક ન્યાય આપવાની વાત કરવામાં આવી છે. અનામતનું રક્ષણ અને જાતિ આધારિત ભેદભાવ દૂર કરવાનું પણ સંકલ્પ પત્રમાં સામેલ છે.

પોલીસ વ્યવસ્થામાં AI અને CCTVનો ઉપયોગ

કાયદો અને વ્યવસ્થા સુધારવા માટે પોલીસ વિભાગમાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવાનો વાયદો કરવામાં આવ્યો છે. AI ટેકનોલોજી અને બોડીકેમનો ઉપયોગ.

CCTV નેટવર્ક અને ફોરેન્સિક લેબનું વિસ્તરણ.

પોલીસ વ્યવસ્થામાં ભ્રષ્ટાચાર અને રાજકીય દબાણ સામે કાર્યવાહી.

મહિલાઓની સુરક્ષા માટે ૧૦૯૦ અને ડાયલ ૧૧૨ સેવાઓ મજબૂત બનાવવી.

ઝડપી ન્યાય માટે ફાસ્ટ ટ્રેક અદાલતોની વ્યવસ્થા.

ગામડાંના વિકાસથી લઈને પની સમાજવાદી કેન્ટીન સુધી

અખિલેશ યાદવે ગામડાં અને શહેરોમાં રસ્તા, પુલ, વીજળી, પાણી, ઈન્ટરનેટ, ગટર વ્યવસ્થા અને સ્ટ્રીટલાઈટ જેવી સુવિધાઓ પહોંચાડવાનું વચન આપ્યું છે.

આ ઉપરાંત ગરીબ અને જરૂરિયાતમંદ લોકો માટે પમાં સંપૂર્ણ ભોજન પૂરું પાડતી સમાજવાદી કેન્ટીન શરૂ કરવાની જાહેરાત પણ કરવામાં આવી છે. કલાકારો, ખેલાડીઓ અને વિવિધ ક્ષેત્રોમાં પ્રતિભાશાળી લોકોને પ્રોત્સાહન આપવા 'યશ ભારતી સન્માન' ફરી શરૂ કરવાની વાત કરવામાં આવી છે.

ચૂંટણી ઢંઢેરો જાહેર કરતી વખતે અખિલેશ યાદવે ભાજપ પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું હતું કે, 'અચ્છે દિન તો ક્યારેય આવ્યા નહીં, પરંતુ હવે ખરાબ દિવસો જવાના છે.'તેમણે વધુમાં જણાવ્યું કે સમાજવાદી પાર્ટીએ અગાઉ પણ પોતાના ચૂંટણી વચનો પૂરા કર્યા છે અને આગામી સમયમાં PDAના સામાજિક ન્યાયના એજન્ડાને આગળ વધારશે.

હવે ઉત્તર પ્રદેશની આગામી વિધાનસભા ચૂંટણીમાં સમાજવાદી પાર્ટીના આ વાયદાઓ મતદારોને કેટલા આકર્ષે છે અને ભાજપ સહિતના વિરોધી પક્ષો તેનો કેવો જવાબ આપે છે તે જોવું રસપ્રદ રહેશે.

સુભાષ યુનિવર્સિટી આયોજન નિબંધ લેખત સ્પર્ધામાં

વડિયાના સરદાર પટેલ વિદ્યાલયનાં 3 બાળકોએ પ્રથમ અને દ્વિતિય નંબર પ્રાપ્ત કર્યો

પલક પરમાર,રૂદ્રગીરી ગોસ્વામી અને ઉર્વિશા મકવાણાએ ગૌરવ વધાર્યુ



અમરેલી, તા.૨૬

વડિયા ખાતે આવેલ સરદાર પટેલ વિદ્યાલયનાં ૨ બાળ કોએ સુભાષ યુનિવર્સિટી – જુનાગઢ દ્વારા આયોજન નિબંધ લેખન સ્પર્ધામાં પ્રથમ અને દ્વિતીય નંબર પ્રાપ્ત કરીને વિદ્યાલયનું ગૌરવ વધારેલ છે.

પ્રથમ ક્રમે પલક પરમાર અને રૂદ્રગીરી ગોસ્વામી અને દ્વિતીય સ્થાન ઉર્વિશા મકવાણાએ મેળવી ગૌરવ વધારેલ છે.

તબિયત બગડતાં હોસ્પિટલમાં દાખલ

શરદ પવારની તબિયત લથડી, બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ

ડિહાઇડ્રેશનની શક્યતા વચ્ચે ૮૫ વર્ષીય NCP (SP) નેતા હોસ્પિટલમાં સારવાર હેઠળ; સુપ્રિયા સુલેએ બેઠક અધવચ્ચે છોડીને પિતાની મુલાકાત લીધી

મુંબઈ,તા.૨૬

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદચંદ્ર પવાર)ના વડા અને વરિષ્ઠ રાજકારણી શરદ પવારની તબિયત લથડતાં તેમને મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમની પુત્રી અને પક્ષની રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ સુપ્રિયા સુલેએ આ અંગે માહિતી આપી છે. ૮૫ વર્ષીય શરદ પવારને ડિહાઇડ્રેશનની સમસ્યા હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. સુપ્રિયા સુલેએ જણાવ્યું કે તેમના પિતાની તબિયત બગડ્યા બાદ તેમને બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમણે શુભેચ્છકોને પવારના સ્વાસ્થ્ય અંગે ચિંતા ન કરવાની અપીલ સાથે તેમના સમર્થન બદલ આભાર માન્યો હતો.

સુપ્રિયા સુલેએ સોશિયલ મીડિયા પર જણાવ્યું કે શરદ પવારને વધુ આરામ અને ઓછી મુસાફરીની જરૂર છે. જોકે, તેઓ પોતાના કામ પ્રત્યે ખૂબ જ સમર્પિત હોવાથી આરામ કરવા તૈયાર થતા નથી.

શરદ પવારની તબિયત બગડ્યાના સમાચાર મળતા સુપ્રિયા સુલેએ પક્ષની મહત્વપૂર્ણ બેઠક અધવચ્ચે જ છોડી દીધી હતી અને સીધી હોસ્પિટલ પહોંચી હતી. આ બેઠકમાં NCP (SP) સાથે જોડાયેલા આંતરિક મુદ્દાઓ અંગે ચર્ચા થવાની હતી.

શરદ પવાર પણ બેઠકમાં હાજર રહેવાના હતા, પરંતુ તબિયત લથડતાં તેઓ હાજર રહી શક્યા નહોતા. સુપ્રિયા સુલે હાલમાં હોસ્પિટલમાં પિતાની સારવાર અને તબીબી સ્થિતિ અંગે માહિતી મેળવી રહી છે. શરદ પવાર લાંબા સમયથી સક્રિય રાજકારણમાં છે અને તેમની ઉંમરને ધ્યાનમાં લેતાં તાજેતરની તબિયત અંગેના સમાચાર બાદ પક્ષના કાર્યકરો અને સમર્થકોમાં ચિંતા જોવા મળી રહી છે. હાલ તબીબો તેમની સારવાર કરી રહ્યા છે અને તેમની તબિયત અંગે વધુ સત્તાવાર માહિતીની રાહ જોવાઈ રહી છે.

મુંબઈ પોલીસનો CJP નેતાઓ પર સકંજા

અભિજીત દીપકે અને આશુતોષ રાંકા સામે LOC જાહેર

આ પ્રદર્શનમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ કરવામાં આવી હતી

મુંબઈ,તા.૨૬

મુંબઈ પોલીસે કોકરોચ જનતા પાર્ટી (CJP)ના નેતાઓ સામે મોટી કાર્યવાહી કરતાં પાર્ટીના સ્થાપક અભિજીત દીપકે અને સહ-સંયોજક આશુતોષ રાંકા વિરુદ્ધ લુકઆઉટ સર્કયુલર (LOC) જાહેર કર્યું છે. આ પહેલાં પાર્ટીના અન્ય સહ-સંયોજક સૌરવ દાસ સામે પણ LOC જાહેર કરવામાં આવ્યો હતો. દાદરના શિવાજી પાર્કમાં મંજૂરી વિના યોજાયેલા વિરોધ પ્રદર્શનના મામલે પોલીસે આ કાર્યવાહી કરી છે.

મળતી માહિતી અનુસાર, ૨ ઓક્ટોબર એટલે કે ગાંધી જયંતીના દિવસે CJP દ્વારા મુંબઈના શિવાજી પાર્કમાં 'ચલો મુંબઈ' નામે વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ કરવામાં આવી હતી. આ મામલે પોલીસે CJPના અભિજીત દીપકે, પ્રણવ આહિરે, આશુતોષ રાંકા, અજિંક્ય શિંદે, સૌરવ દાસ સહિત અન્ય નેતાઓનાં નામ FIRમાં સામેલ કર્યા છે. આ ઉપરાંત ૪૦૦થી વધુ સમર્થકોને પણ આરોપી બનાવવામાં આવ્યા છે.પોલીસે ગેરકાયદેસર રીતે એકઠા થવા અને જાહેર સ્થળે સૂત્રોચ્ચાર કરવાના આરોપ હેઠળ ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૧૮૯ અને ૨૨૩ તથા મહારાષ્ટ્ર પોલીસ અધિનિયમની કલમ ૩૭ અને ૧૩૫ હેઠળ ગુનો નોંધ્યો છે.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, આરોપીઓ દેશ છોડીને ન જતા રહે તે આશંકાને ધ્યાનમાં રાખીને LOC જાહેર કરવામાં આવ્યા છે. આ પહેલાં ૨૨ અને ૨૩ નવેમ્બરની મધરાતે સૌરવ દાસ સામે પણ આવી કાર્યવાહી કરવામાં આવી હતી. ૨૩ નવેમ્બરે સૌરવ દાસ લંડન જવા માટે દિલ્હી એરપોર્ટ પહોંચ્યા હતા, ત્યારે તેમને રોકવામાં આવ્યા હતા. તેઓ બ્રિટનમાં ઓક્સફર્ડ યુનિવર્સિટી સહિતની સંસ્થાઓમાં કાર્યક્રમોમાં ભાગ લેવા જવાના હતા.

આ કાર્યવાહી બાદ તેમણે દિલ્હી હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. ૨૬ નવેમ્બરે કેન્દ્ર સરકારે કોર્ટને મુંબઈ પોલીસ દ્વારા LOC જાહેર કરવામાં આવ્યો હોવાની માહિતી આપી હતી. તેમના વકીલે LOCની વિગતો જાહેર કરવાની માગ કરી હતી, જોકે કોર્ટે આ માગ સ્વીકારી નહોતી. આ કેસમાં સૌરવ દાસના પાસપોર્ટમાં જન્મસ્થળને લગતી કથિત વિસંગતતાઓનો મુદ્દો પણ સામે આવ્યો છે. ચેન્નાઈની પ્રાદેશિક પાસપોર્ટ કચેરીએ તેમને કારણદર્શક નોટિસ પાઠવીને સાત દિવસમાં જવાબ આપવા જણાવ્યું છે.

હવે દિલ્હી હાઈકોર્ટમાં આ મામલે આગામી સુનાવણી ૯ ડિસેમ્બરે યોજાવાની છે. બીજી તરફ, અભિજીત દીપકે અને આશુતોષ રાંકા સામે LOC જાહેર થતાં CJPના નેતાઓની મુશ્કેલીઓ વધી શકે છે.

વિદ્યાર્થીઓમાં બંધારણ પ્રત્યે જાગૃતિ કેળવાય તે હેતુથી

બાબરા : પીએમ તાલુકા શાળા ખાતે સંવિધાન દિવસની ઉજવણી કરાઈ

સંવિધાનના આમુખનું વાંચન, બંધારણ અંગે ચર્ચા અને ચિત્રસ્પર્ધા યોજાઈ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા.૨૬

બાબરામાં આવેલી પીએમ તાલુકા શાળામાં ભારતીય સંવિધાન દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓમાં બંધારણ પ્રત્યે જાગૃતિ કેળવાય તેમજ લોકશાહી મૂલ્યો અને નાગરિક ફરજો અંગે સમજ વિકસે તેવા હેતુથી વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ અંતર્ગત સૌપ્રથમ ભારતીય સંવિધાનના આમુખનું સામૂહિક વાંચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓને ભારતીય બંધારણની રચના, તેનું મહત્વ, નાગરિકોના અધિકારો અને ફરજો સહિતના વિવિધ પાસાઓ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત વિદ્યાર્થીઓની સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવા ચિત્રસ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન શાળાનાં આચાર્ય દક્ષાબેન સરવાળીયા, નોડલ શિક્ષક ઉર્મિલાબેન મહેતા તથા શાળાના સમગ્ર સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉજવણીના માધ્યમથી વિદ્યાર્થીઓમાં સંવિધાન પ્રત્યે આદરભાવ અને લોકશાહી મૂલ્યોનું સિંચન કરવાનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો.

જય વેલનાથ સમુહલગ્ન સમિતિ દ્વારા અમરેલી ખાતે બે તબક્કામાં મર્યાદિત સંખ્યામાં સમુહલગ્ન યોજાશે

આગામી ૨૯ જાન્યુ.એ અને ૧૪ માર્ચનાં આયોજન

અમરેલી, તા.૨૬

અમરેલી ખાતે તા.૨૯ જાન્યુ.૨૦૨૬ તથા ૧૪ માર્ચ.૨૦૨૬ ના રોજ અમરેલી શહેર ખાતે સર્વજ્ઞાતિ સમૂહલગ્નનું આયોજન અમરેલીની કાર્યરત જય વેલનાથ સમુહલગ્ન સમિતિ દ્વારા ૩૨ તથા ૩૩ માં સર્વજ્ઞાતિ સમૂહલગ્નનું આયોજન રાખવામાં આવેલ હોય અને આ સમુહલગ્નમાં ગરીબ અને મધ્યમ વર્ગ અને મા–બાપ વગરની દિકરીઓને પ્રથમ અગ્રતા સાથે વર–કન્યા તેમજ પરીવાર ઉપયોગી દાન–ભેટની ૧૫૦ વસ્તુઓ આપવામાં આવનાર હોય આ અંગે અમરેલી ખાતેની સમિતિના અગ્રણીઓ ઘીરૂભાઈ મકવાણા, મો.૯૮૭૯૨ ૭૭૬૮૪, ભનુભાઈ થળેસા, મો.૯૬૨૪૧ ૩૩૫૦૯ તથા મુકેશભાઈ સોલંકી, ૯૮૨૫૨ ૭૮૭૨૯ ઓફિસઃ નંબર–૧૬, નારણ પ્લાઝા, પહેલો માળ, જિલ્લા સંઘ વાળુ બિલ્ડીંગ) ભીડભંજન મહાદેવ મંદિર સામે, અમરેલીનો સંપર્ક સાધવા સમિતિ તરફથી જણાવવામાં આવે છે.

બંગાળમાં ચોંકાવનારો કિસ્સો

SIR બાદ મતદાર યાદીમાંથી પિતાનું નામ કમી થતાં નવજાતને જન્મદાખલો નહીં

કૂચ બિહારમાં બે મહિનાથી જન્મ પ્રમાણપત્ર માટે પરિવારની દોડધામ; પિતાનું નામ મતદાર યાદીમાં ન હોવાને કારણે રહેઠાણના દાખલાની પ્રક્રિયા અટક્યાનો આક્ષેપ

પશ્ચિમ બંગાળ,તા.૨૬

પશ્ચિમ બંગાળના કૂચ બિહાર જિલ્લામાં નવજાત બાળકીના જન્મ પ્રમાણપત્રને લઈને ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. પરિવારનો આક્ષેપ છે કે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) દરમિયાન બાળકીના પિતાનું નામ મતદાર યાદીમાંથી કમી થઈ જતાં જન્મ પ્રમાણપત્ર મેળવવામાં મુશ્કેલી ઊભી થઈ છે. પરિવાર છેલ્લા બે મહિનાથી વધુ સમયથી સરકારી કચેરીઓના ધક્કા ખાઈ રહ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

કૂચ બિહારના અબ્દુલ હબીબની પત્ની અમીના ખાતુને ૮ સપ્ટેમ્બરે દિનહાટાની સરકારી હોસ્પિટલમાં બાળકીના જન્મ આપ્યો હતો. પરિવારના જણાવ્યા અનુસાર, જન્મ પ્રમાણપત્ર મેળવવા માટે જરૂરી રહેઠાણના દાખલા માટે તેઓ સ્થાનિક પંચાયત કચેરીએ ગયા હતા. ત્યાં તેમને જાણવા મળ્યું કે હબીબનું નામ મતદાર યાદીમાં કમી થઈ ગયું છે.હબીબના જણાવ્યા મુજબ, SIR પ્રક્રિયા ચાલી રહી હોવાથી અધિકારીઓએ રહેઠાણનો દાખલો આપવાની પ્રક્રિયા આગળ વધારી નહોતી. તેમણે સવાલ ઉઠાવ્યો કે મતદાર યાદીમાં તેમના નામની સ્થિતિનો તેમની નવજાત દીકરીના જન્મ પ્રમાણપત્ર સાથે શું સંબંધ છે.

હબીબે જણાવ્યું કે તેમની પત્નીનું નામ હજુ મતદાર યાદીમાં છે અને પરિવાર પાસે માતા-પિતાના જન્મ પ્રમાણપત્ર સહિતના દસ્તાવેજો ઉપલબ્ધ છે. વર્ષ ૨૦૦૨ની મતદાર યાદીમાં તેમના પિતાનું નામ પણ હોવાનો પરિવારનો દાવો છે.

સ્થાનિક ગ્રામ પંચાયતમાં સરપંચનું પદ ખાલી હોવાથી વહીવટી પ્રક્રિયામાં વધુ મુશ્કેલી ઊભી થઈ હોવાનું પણ જણાવાયું છે. મામલો સામે આવ્યા બાદ BDO કચેરીએ તપાસ કરવાની ખાતરી આપી હોવાનું કહેવાય છે.

ઘટનાને લઈને ભાજપ, કોંગ્રેસ અને તૃણમૂલ કોંગ્રેસ વચ્ચે રાજકીય આક્ષેપ-પ્રત્યારોપ શરૂ થયા છે. ભાજપે મતદાર યાદીમાં નામ અંગે નિયમિત પ્રક્રિયા હેઠળ અપીલ કરવાની સલાહ આપી છે. કોંગ્રેસે SIR દરમિયાન સાચા મતદારોના નામ કમી થવાના આક્ષેપ કર્યા છે. TMCએ પણ નવજાતના જન્મની નોંધણીને કોઈ અન્ય વહીવટી વિવાદ સાથે જોડવા સામે સવાલ ઉઠાવ્યો છે.

આ ઘટનાએ મતદાર યાદીની ચકાસણી અને નાગરિકોને મળતા મહત્વપૂર્ણ દસ્તાવેજોની પ્રક્રિયા વચ્ચેના સંબંધ અંગે ચર્ચા જગાવી છે. હવે સ્થાનિક તંત્રની તપાસ બાદ પરિવારને જન્મ પ્રમાણપત્ર ક્યારે મળે છે અને પિતાના મતદાર રેકોર્ડ અંગે શું નિર્ણય થાય છે તેના પર નજર રહેશે.

બંધારણ દિવસે PM મોદીના વિપક્ષ પર પ્રહાર

OBC અનામત ઘટાડીને મુસ્લિમોને અનામત આપવાનો પ્રયાસ

નવી દિલ્હી,તા.૨૬

બંધારણ દિવસના અવસરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષ પર આકરા પ્રહાર કર્યા છે. પોતાના લેખમાં વડાપ્રધાને આરોપ લગાવ્યો કે વિપક્ષની સૌથી મોટી પાર્ટી અન્ય પછાત વર્ગ (OBC) માટેની અનામત ઘટાડીને મુસ્લિમોને અનામત આપવાના પક્ષમાં છે. જોકે, તેમણે લેખમાં સીધું કોંગ્રેસનું નામ લીધું નહોતું. તેમણે દાવો કર્યો કે આવી વ્યવસ્થા બાબાસાહેબ ડૉ. બી. આર. આંબેડકરના વિચારોની વિરુદ્ધ છે.

PM મોદીએ બંધારણ દિવસની ઉજવણીના મહત્વ અંગે વાત કરતાં સરકાર દ્વારા કરવામાં આવેલા વિવિધ બંધારણીય સુધારાઓનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે GST અને આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેની ૧૦ ટકા અનામત જેવી જોગવાઈઓને મહત્વપૂર્ણ ગણાવી હતી. તેમણે એ પણ જણાવ્યું કે કેન્દ્ર સરકારની નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં OBC માટે ૨૭ ટકા અનામતની જોગવાઈ છે.

મહિલા અનામતના મુદ્દે પણ વડાપ્રધાને વિપક્ષને નિશાન બનાવ્યો. તેમણે આરોપ લગાવ્યો કે વિપક્ષના એક મોટા પક્ષે ધારાસભ્ય સંસ્થાઓમાં મહિલાઓને વધુ પ્રતિનિધિત્વ આપવાના હેતુથી લાવવામાં આવેલા કાયદાકીય પગલાને આગળ વધવા દીધો નથી.

PM મોદીએ કહ્યું કે બંધારણની યાત્રામાં મહિલાઓના યોગદાનને ભૂલી શકાય નહીં અને મહિલાઓને રાજકીય પ્રતિનિધિત્વમાં ન્યાય અપાવવાનો સરકારનો સંકલ્પ ચાલુ રહેશે. વડાપ્રધાને વિપક્ષની ભૂમિકા અંગે પણ સવાલ ઉઠાવ્યા. તેમણે આરોપ લગાવ્યો કે વિપક્ષ રચનાત્મક વિરોધની ભૂમિકા નિભાવવાને બદલે સરકારના કામમાં અડચણ ઊભી કરી રહ્યો છે. તેમના જણાવ્યા મુજબ લોકતાંત્રિક પ્રક્રિયાઓમાં અવરોધ ઊભો કરવો એ બંધારણીય જવાબદારીનો વિકલ્પ બની શકે નહીં.નક્સલવાદના મુદ્દે PM મોદીએ દાવો કર્યો કે હથિયારધારી નકસલવાદીઓ સામેની કાર્યવાહીથી સ્થિતિમાં મોટો ફેરફાર આવ્યો છે. હવે તેમણે 'દિમાગી નક્સલીઓ' શબ્દનો ઉપયોગ કરીને સરકારની નીતિઓ અને વિકાસકાર્યોનો વિરોધ કરનારાઓ પર પણ પ્રહાર કર્યો.

બંધારણ દિવસના પ્રસંગે કરવામાં આવેલા આ પ્રહારો આગામી રાજકીય ચર્ચામાં અનામત, મહિલા પ્રતિનિધિત્વ અને વિપક્ષની ભૂમિકા જેવા મુદ્દાઓને વધુ કેન્દ્રસ્થાને લાવી શકે છે.

અમરેલી ખાતે જિલ્લા ભાજપ દ્વારા સંવિધાન ગૌરવ યાત્રા યોજાઇ










અમરેલી, તા. ૨૬ નવેમ્બર એટલે ભારતના ઈતિહાસનો ગૌરવવંતો દિવસ, આ દિવસે બંધારણ સભાએ રચેલ ભારતીય લોકશાહીના મહાગ્રંથ સંવિધાનનો સ્વીકાર કરવામાં આવેલો. દેશમાં લોકશાહીના પાયાનો લેખિત દસ્તાવેજ એટલે આપણું બંધારણ. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ૨૦૧૫માં સુરેન્દ્રનગર ખાતે બંધારણને હાથીની અંબાડી પર રાખી ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવેલ ત્યારથી આ દિવસને 'સંવિધાન ગૌરવ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ ઉજવણી અંતર્ગત દેશ ભરમાં સંવિધાન ગૌરવ યાત્રા તેમજ જન જાગૃતિના વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવે છે. ગુજરાત પ્રદેશ ભાજપની સુચના મુજબ તેમજ અમરેલી જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીના માર્ગદર્શન હેઠળ તા. ૨૬ નવેમ્બરના રોજ અમરેલીના ડા. જીવરાજ મહેતા ચોક થી મોટા બસસ્ટેશન સુધી વાજતે ગાજતે સંવિધાનગૌરવ યાત્રા નીકળી હતી. આ યાત્રામાં ગુજરાત સરકારના કાયદો અને ન્યાય, ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજય મંત્રી કૌશિકભાઈ વેકરિયા, અમરેલી લોકસભાના સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારીના ધારાસભ્ય જે.વી. કાકડિયા, જીલ્લા પંચાયતના ઉપપ્રમુખ મહાવીરબાપુ ભગત, અમરેલી નગરપાલિકાના પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયા, જીલ્લા પંચાયત સામાજિક ન્યાય સમિતિના ચેરમેન ડેનીભાઈ પરમાર, અમરેલી જીલ્લા ભાજપ અનુસુચિત જાતિ મોરચા પ્રમુખ મુકેશભાઈ બગડા, અગ્રણી ઉધોગપતિ દિનેશભાઈ ભુવાએ ડો. ભીમરાવ આંબેડકરની પ્રતિમાને ફૂલહાર પહેરાવી ભાવ વંદના કરી હતી. ભારતનું બંધારણ આપણા લોકતંત્રની મજબુત આધારશિલા છે, દેશની એકતા, અખંડિતતા, સમાનતા અને ન્યાયના મુલ્યોને જાળવી રાખવા તેમજ સંવિધાનના આદર્શોને જીવનમાં ઉતારવા ઉપસ્થિત જાગૃત નાગરિકોએ સંકલ્પ કર્યો હતો. સંવિધાન ગેરવ યાત્રામાં જીલ્લા ભાજપના ઉપપ્રમુખ મેહુલ ધોરાજીયા, મનોજ મહીડા, જયાબેન ગેલાણી, મંત્રી કિષ્નાબેન મકવાણા, પ્રવિણ સાવજ, મહેશ જાવિયા, કાર્યાલય મંત્રી મહેન્દ્ર ચાવડા, વિપુલ ભટ્ટી, જીલ્લા અનુસુચિત જાતિ મોરચાના મહામંત્રી પ્રવિણ વાળા, સાવરકુંડલા નગરપાલિકા પ્રમુખ નયનાબેન કાપડિયા, જીલ્લા પંચાયત બાંધકામ સમિતિ ચેરમેન પ્રકાશ પાનસુરીયા, જીલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજ, અમરેલી નગર પાલિકાના મેલિક ઉપાધ્યાય, વિરલ પોપટ, હરી કાબરીયા, મનીષ ધરજીયા, ચિરાગ ચાવડા, અલ્કાબેન ગોંડલીયા, કાળુ પાનસુરીયા, બીપીન લીંબાણી, પરેશ દાફડા, નિખિલ આશર, જયંતી ધાનાણી, ગીરીશ ત્રાપસીયા, કેવલ મહેતા, હિંમતભાઈ દોંગા, જીલ્લા યુવા મોરચા પ્રમુખ ચેતન ધાનાણી, જીવન બારૈયા, તાલુકા ભાજપ પ્રમુખ મધુ હરખાણી, પ્રવિણ માંગરોળીયા, ગુણવંત સાવલિયા, નિકુલ માંડણકા, જશુભાઈ ખુમાણ, દિવ્યેશ વેકરીયા, સંજય રામાણી, મનસુખ ગાંગડીયા, રણજીત વાળા, કાળુ વાળા, હરેશ ધાધલ, નાથાલાલ પરમાર, મધુ ચાવડા, પી.એમ. મકવાણા, હિતેષ સોલંકી, કાળુ પરમાર, જીગ્નેશ દાફડા, શહેર ભાજપના યોગેશ ગણાત્રા, રાકેશ સાવલિયા, રેખાબેન પરમાર, આરતીબેન અટારા, પ્રવિણાબેન રાઠોડ, કિરણબેન પડાયા, કાશ્મીરાબેન વ્યાસ, ગીતાબેન વાઘ, છાયા ગેડિયા, સુનીલ ઝીઝુવાડીયા, ચિરાગ ત્રિવેદી, દેવરાજ બાબરિયા, સંદીપ માંગરોળીયા, તુષાર વાણી, ભાવેશ સોમૈયા, ભાવેશ વાળોદરા, પ્રવિણ તરવાડીયા, હિતેષ પરમાર, મનીષ ઠુંમર, અમિત રાજપરા, આનંદ મહેતા, નરેશ મકવાણા, હિતેન્દ્રસિંહ વાળા, કિરીટ બગડા, રવજી ચૌહાણ, લક્ષ્મણભાઈ, વિપુલ ભેસાણીયા, અનિરૂધ્ધસિંહ વાઝા, લલિત મારૂ, આનંદ ભટ્ટ, સવજી બાંભવા, રમેશ સાંગડીયા, ગૌરવ મહેતા, દીપક રાખોલિયા, મયકુ મહેતા, વીકી ટીમાણીયા સહિત વિવિધ મંડળના હોદ્દેદારો તેમજ વિશાલ સખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા તેમ જીલ્લા મીડિયા ઈન્ચાર્જ વિપુલ ભટ્ટીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

૧૦૮ એમ્બ્યુલન્સને ટર્ન લેવામાં મુશ્કેલી

રાજુલા સરકારી હોસ્પિટલના ઈમરજન્સી ગેટ પાસે પાર્કિંગ ઝોન બની ગયો

વાહન ચાલકોએ પણ કાળજી લેવી જોઈએ



રાજુલા, તા. ૨૬

રાજુલા શહેરની સરકારી હોસ્પિટલના ઈમરજન્સી ગેટ પાસે હાલ પાર્કિંગ ઝોન બની ગયો છે. ઈમરજન્સી ગેટ પાસે ફોરવ્હીલરો અને ટુ – વ્હીલરો આડેધડ પાર્ક કરી દેવામાં આવે છે. જેના કારણે ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સને ટર્ન લેવામાં ભારે મુશ્કેલી પડે છે.

દર્દી માટે એક એક સેકન્ડ કિંમતી હોય છે. ત્યારે ગંભીર દર્દીને રાજુલાથી મહુવા કે ભાવનગર ઝડપથી લઈ જવાનો હોય ત્યારે એમ્બ્યુલન્સ પાર્કિંગમાં ફસાઈ જાય છે. એમ્બ્યુલન્સ ટર્ન ન લઈ શકે તો દર્દીનો કિંમતી સમય વેડફાય છે, જે દર્દીના જીવ માટે જોખમી બની શકે છે.

આથી અહીંથી પાર્કિંગ દૂર કરીને આ જગ્યાને ખુલ્લી કરવામાં આવે તેવી માંગ છે. ઈમરજન્સી વિસ્તારમાં ફોરવ્હીલર કે ટુ–વ્હીલર પાર્કિંગ ન કરવામાં આવે, જેથી ઈમરજન્સી એમ્બ્યુલન્સ ટર્ન લઈને ગંભીર કેસને ઝડપથી મહુવા કે ભાવનગર લઈ જઈ શકે. હોસ્પિટલમાં આવતા વાહન ચાલકોને પણ પાર્કિંગ ન કરે અને દર્દીઓના જીવ બચાવવામાં સહકાર આપે તે જરૂરી છે.

અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શિંગ મઠડી	૯૦૦	૧૫૦૦
૨	ગીરનાર શીંગ	૯૫૦	૧૫૨૦
૩	શિંગ મોટી	૯૪૦	૧૬૨૦
૪	શિંગ દાણા	૧૨૦૦	૧૯૮૦
૫	તલ સફેદ	૨૩૦૦	૩૩૪૦
૬	તલ કાળા	૨૪૦૦	૩૯૯૦
૭	તલ કાશ્મીરી	૩૨૧૫	૩૨૨૦
૮	બાજરો	૩૧૦	૬૨૦
૯	જુવાર	૭૨૦	૧૭૦૦
૧૦	ઘઉં બંસી	૭૩૦	૭૩૦
૧૧	ઘઉં ટુકડા	૫૨૦	૭૭૫
૧૨	ઘઉં લોકવન	૫૩૫	૬૬૦
૧૩	મકાઈ	૫૨૫	૫૨૫
૧૪	મગ	૧૪૦૦	૧૪૦૦
૧૫	અડદ	૯૩૦	૧૮૫૦
૧૬	ચણા	૧૩૦૦	૧૫૨૫
૧૭	સફેદ ચણા	૧૦૦૦	૧૪૨૫
૧૮	ચોળી	૧૧૦૦	૧૬૦૦
૧૯	તુવેર	૮૩૦	૯૫૦
૨૦	કપાસ	૧૦૭૦	૧૯૨૦
૨૧	એરંડા	૧૪૭૦	૧૫૦૫
૨૨	જીરૂ	૨૨૭૫	૪૭૧૫
૨૩	ધાણી	૨૫૦૦	૩૧૦૦
૨૪	મેથી	૧૩૦૫	૧૩૦૫
૨૫	સોયાબીન	૧૩૭૦	૧૫૧૦
૨૬	રજકાનું બી	૪૩૦૦	૯૦૦૦
૨૭	મરચા લાંબા	૨૦૪૦	૫૩૦૦
૨૮	અળસી	૧૮૫૦	૧૮૫૦

પાના ૮ ઉપરનું ચાલું

અમરેલીનાં વેપારીએ ઈ–ચલણની

હતી.

આ રીતે ઈ–ચલણના નામે આવેલી એપીકે ફાઈલના માધ્યમથી વેપારી સાથે ઓનલાઈન છેતરપીંડી આચરવામાં આવતાં સમગ્ર મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આમ મોબાઈલમાં અજાણી એપીકે ફાઈલ ડાઉનલોડ કરવી કેટલી જોખમી સાબિત થઈ શકે છે તેનો આ બનાવ વધુ એક ચેતવણીરૂપ કિસ્સો બન્યો છે.

પાના ૮ ઉપરનું ચાલું

સાવરકુંડલામાં નવા બનેલ માર્ગથી

ઊઠી રહી છે.

કોઈ મોટી જાનહાનિ સર્જાય તે પહેલાં જવાબદાર તંત્ર દ્વારા તાત્કાલિક રોડની તપાસ કરાવી જરૂરી સુધારાત્મક પગલાં લેવામાં આવે તેવી ઉગ્ર માંગ ઊઠી છે.

આ રોડ વાહનવ્યવહાર માટે બન્યો છે કે સ્કેટિંગ માટે ? તેવો વેધક સવાલ ઉઠાવી સ્થાનિકો અને ગ્રામ્ય વિસ્તારના લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. હવે કોઈ નિર્દોષ વાહનચાલક ગંભીર અકસ્માતનો ભોગ બને તેની રાહ જોયા વિના પાલિકા તંત્ર જાગે અને લપસણા રોડની સમસ્યાનો કાયમી ઉકેલ લાવે તેવી લોકમાગ પ્રબળ બની છે.

ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૭૬૦	૧૮૭૯
૨	મગફળી	૧૩૧૫	૧૪૫૫
૩	જુવાર સફેદ	૧૫૬૦	૧૫૬૦
૪	અડદ	૧૬૭૬	૧૭૦૦

ધારી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ એ	૧૬૬૧	૧૯૧૧
૨	મગફળી	૧૧૭૧	૧૫૧૫
૩	ઘઉં	૫૪૮	૫૫૦
૪	ચણા	૧૦૦૦	૧૪૯૦
૫	ધાણા	૨૬૦૦	૨૬૦૦
૬	અડદ	૧૩૩૦	૧૫૭૫
૭	કલોંજી	૨૩૨૫	૪૮૫૦
૮	સોયાબીન	૧૦૦૦	૧૪૭૦

સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ જીણી	૧૩૨૫	૧૬૫૧
૨	શીંગ મોટી	૧૩૫૦	૧૬૮૦
૩	તલ સફેદ	૨૮૦૦	૩૨૬૦
૪	તલ કાળા	૩૫૦૦	૪૦૦૦
૫	કપાસ	૧૮૫૦	૧૯૧૦
૬	ઘઉં લોકવન	૫૬૦	૬૨૦
૭	ઘઉં ટુકડા	૬૦૦	૬૪૧
૮	બાજરો	૪૫૦	૬૦૬
૯	જુવાર	૧૦૦૦	૧૫૨૧
૧૦	મકાઈ	૫૦૦	૬૫૦
૧૧	અડદ	૧૪૫૦	૧૮૬૦
૧૨	ચણા	૧૨૦૦	૧૪૬૦
૧૩	દેશી ચણા	૧૨૫૦	૧૪૫૦
૧૪	તુવેર	૧૩૫૦	૧૬૫૦
૧૫	મેથી	૧૦૦૦	૧૩૫૦
૧૬	ધાણા	૩૦૦૦	૩૧૩૦
૧૭	સોયાબીન	૧૩૭૦	૧૪૮૦

પાના ૧ ઉપરનું ચાલું

લીલીયા મોટાનાં વાઘણિયા ગામ નજીક

છે. આ પ્રવૃત્તિઓના કારણે જમીનને નુકસાન થવાની સાથે મોટા લોડર અને ટ્રકોની અવરજવર, ઓવરલોડિંગ, ધૂળ –રજકણ અને અવાજનાં પ્રદૂષણથી સ્થાનિક રહેવાસીઓ તથા આસપાસના વિસ્તારને અસર થતી હોવાની રજૂઆત કરવામાં આવી છે.

ગ્રામજનોના આક્ષેપ મુજબ, આ પ્રવૃત્તિ અંગે મૌખિક અને લેખિત રીતે ધ્યાન દોરવા છતાં સમસ્યાનો ઉકેલ આવ્યો નથી. એટલું જ નહીં, રજૂઆતમાં કેટલાક લોકો દ્વારા ધંધાકીય પ્રવૃત્તિ બંધ નહીં થાય અને ફરી કામમાં વચ્ચે આવશો તો સારૂ નહીં થાય તેવી ધમકીઓ આપવામાં આવતી હોવાનો પણ ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે. ગ્રામજનોએ આ સમગ્ર મામલે તપાસ કરી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અટકાવવા અને જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

બીજી તરફ, વાઘણિયા ગામની સીમમાં પ્રસ્તાવિત બાયો મેડિકલ વેસ્ટ ટ્રીટમેન્ટ પ્રોજેકટ અંગે પણ ગ્રામજનોએ વાંધા રજૂ કર્યા છે. સંબંધિત તંત્ર સમક્ષ કરવામાં આવેલી રજૂઆતમાં પ્રોજેકટને મંજૂરી આપતાં પહેલાં તેની પર્યાવરણીય અને જાહેર આરોગ્ય પર થનારી અસરોનું યોગ્ય મૂલ્યાંકન કરવાની માંગ કરવામાં આવી છે. રજૂઆતમાં ખાસ કરીને પ્રોજેકટમાંથી નીકળતા ધુમાડા, સૂક્ષ્મ કણો અને દુર્ગંધ, ભૂગર્ભજળ તથા પીવાનાં પાણીની ગુણવત્તા, ખેતીની જમીન, પાક, પશુધન અને સ્થાનિક પર્યાવરણ પર થનારી સંભવિત અસરો અંગે ચિંતા વ્યકત કરવામાં આવી છે. આ ઉપરાંત પ્રોજેકટમાં વપરાતા પાણીનો જથ્થો, ગંદા પાણીનાં નિકાલની વ્યવસ્થા, કચરાનાં સંગ્રહ અને પરિવહન, રાખ તથા અંતિમ નિકાલની પદ્ધતિની વિગતો જાહેર કરવાની માંગ પણ કરવામાં આવી છે.ખાસ કરીને પ્રસ્તાવિત સ્થળની આસપાસના સર્વે નંબર ૧૦૪ની જમીન પર વન્યજીવોની અવરજવર અને વસવાટ અંગે પણ વન વિભાગ દ્વારા સ્પષ્ટ અભિપ્રાય મેળવવાની માંગ કરવામાં આવી છે. પ્રોજેકટનાં કારણે વન્યજીવોનાં કુદરતી રહેઠાણ અને અવરજવરને નુકસાન ન થાય તે માટે યોગ્ય વૈજ્ઞાનિક મૂલ્યાંકન કરવા રજૂઆતમાં જણાવાયું છે.

ગ્રામજનોએ તમામ મુદ્દાઓની નિષ્પક્ષ અને વૈજ્ઞાનિક તપાસ કરવા, પ્રોજેકટ સંબંધિત જરૂરી દસ્તાવેજો અને પરીક્ષણ અહેવાલો જાહેર કરવા, સ્થાનિક ખેડૂતો અને રહેવાસીઓને પોતાની રજૂઆત કરવાની પૂરતી તક આપવા તેમજ દરેક વાંધાનો લેખિત અને મુદ્દાસર જવાબ આપવા માંગ કરી છે. પર્યાવરણ અને જાહેર આરોગ્યને ગંભીર જોખમ જણાય તો વૈકલ્પિક સ્થળ અંગે પણ વિચારણા કરવાની માંગ કરવામાં આવી છે. આ સમગ્ર મામલે વાઘણિયા ગામના ગ્રામજનોની રજૂઆતને પગલે હવે જિલ્લા વહીવટી તંત્ર, ખાણ–ખનિજ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ તંત્ર અને વનવિભાગ દ્વારા કેવા પગલાં લેવામાં આવે છે તેના પર સ્થાનિક લોકોની નજર મંડાઈ છે.

લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૮૪૩	૧૮૯૭
૨	કપાસ સી ગ્રેડ	૧૧૨૭	૧૪૩૦

બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૮૧૨	૧૯૩૦
૨	ઘઉં ટુકડા	૫૦૦	૬૨૧
૩	ઘઉં ટુકડા	૫૪૨	૬૧૪
૪	મગફળી	૧૧૦૦	૧૪૦૦
૫	ચણા	૧૧૦૦	૧૪૬૮
૬	સોયાબીન	૧૦૦૦	૧૩૮૦
૭	વાલ	૭૧૫	૭૧૫
૮	મગ	૧૪૬૦	૧૪૬૦
૯	ચણા સફેદ	૧૩૮૦	૧૩૮૦
૧૦	ધાણા	૨૨૦૦	૨૭૬૦
૧૧	લસણ	૧૧૮૦	૧૭૪૦
૧૨	અડદ	૧૬૦૦	૧૬૦૦
૧૩	તલ કાળા	૩૪૦૦	૩૫૫૫
૧૪	તલ સફેદ	૨૯૬૦	૩૦૨૦
૧૫	શીંગદાણા	૧૪૪૦	૧૪૬૦

લુણીધાર ગ્રામ પંચાયત–લુણીધાર, તા.કુંકાવાવ–વડીયા, જી. અમરેલી

:: જાહેર હરરાજી અંગેની નિવિદા ::

આથી જાહેર હરરાજીથી ઈમલો લેવામાં રસ ધરાવતા લોકોને આ જાહેર નિવિદાથી જાણ કરવામાં આવે છે કે, લુણીધાર ગ્રામ પંચાયત કચેરી–લુણીધાર દ્વારા નીચે જણાવેલ વિગત મુજબની અસ્કયામતના ઈમલાની જાહેર હરરાજી નીચે દર્શાવ્યા મુજબના સ્થળે,નિયત તારીખ અને સમયે કરવામાં આવશે, જેની જાહેર હરરાજીમાં ભાગ લેવા ઈચ્છતા લોકોએ સ્થળ ઉપર સમયસર હાજર રહેવા જાણ કરવામાં આવે છે.

હરરાજીની તારીખ : ૦૪/૧૨/૨૦૨૬
હરરાજીનો સમય : ૧૧ : ૦૦ કલાકે
હરરાજી સ્થળ : ગ્રામ પંચાયત કચેરી, લુણીધાર

શરતો: (૧) હરરાજીમાં ભાગ લેવા માંગતા માંગણીદારોએ હરરાજીના સમય પહેલા ડિપોઝીટ પેટે રૂા. ૧૦૦૦/– (એક હજાર) જમા કરાવવાના રહેશે. (૨) અગાઉથી ડિપોઝીટ જમા કરનાર માંગણીદારો જ ભાગ લઈ શકશે. (૩) માંગણીદારે સ્થળ પરની બીન ઉપયોગી ભંગારની અપસેટ કિંમત રૂા. ૫૦,૦૦૦/– મુજબની માંગણી કરવાની રહેશે. (૪) વર્ક ઓર્ડર આપ્યાથી હરરાજીની જગ્યા માંગણીદારે દિન–૧૦ માં બીન ઉપયોગી ભંગાર લઈ જઈ જગ્યા ખુલ્લી કરી આપવાની રહેશે. (૫) હરરાજીમાં આખરી બોલી બોલનાર હક્કદાર રહેશે. (૬) હરરાજીમાં આખરી બોલી બોલનારે સ્થળ પર જ ૨કમ તાત્કાલિક જમા કરાવવાની રહેશે.

નોંધ : અન્ય શરતોને આધીન

તલાટી કમ મંત્રીશ્રી
લુણીધાર ગ્રામ પંચાયત કચેરી
લુણીધાર

સરપંચશ્રી
લુણીધાર ગ્રામ પંચાયત કચેરી
લુણીધાર

બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૮૧૦	૧૯૪૫
૨	કપાસ મીડીયમ	૧૭૩૦	૧૮૭૦
૩	મગફળી	૧૪૨૧	૧૫૨૪
૪	તલ સફેદ	૩૧૫૦	૩૪૭૦
૫	તલ કાળા	૩૮૩૦	૪૧૫૦
૬	જીરૂ	૪૫૭૦	૪૯૭૦
૭	ચણા	૧૪૪૦	૧૪૮૫
૮	ઘઉં	૬૫૧	૭૦૪
૯	અડદ	૧૭૭૦	૧૮૫૫
૧૦	સોયાબીન	૧૫૧૧	૧૫૨૧

''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ	૧૩૦૧	૧૫૧૦
૨	તલ સફેદ	૩૦૦૦	૩૪૦૦
૩	તલ કાળા	૩૧૫૦	૩૬૫૦
૪	કપાસ	૧૭૫૦	૧૮૭૫
૫	બાજરો	૪૭૧	૬૧૬
૬	ઘઉં ટુકડા	૫૦૧	૬૮૧
૭	જુવાર	૬૨૧	૧૬૦૦
૮	મકાઈ	૬૯૧	૬૯૧
૯	મગ	૧૦૦૦	૩૪૦૦
૧૦	મઠ	૧૮૫૦	૨૧૨૬
૧૧	અડદ	૧૭૦૦	૧૭૦૦
૧૨	ચણા	૧૩૬૧	૧૫૧૬
૧૩	સોયાબીન	૧૪૭૧	૧૫૨૨

જીવન જરૂરી તમામ વસ્તુઓનાં ભાવમાં વ્યાપક પ્રમાણમાં વધારો થતો હોય

કરોડો પરિવારો મોંઘવારીની ચુંગાલમાં ફસાઇ ગયા

ચોખા, ઘંઉ, ખાદ્યતેલ, દાળ, વીજળી, ડુંગળી, કઠોળ, શાકભાજી, દવા, શિક્ષણ ફી સહિતના ભાવમાં વધારો

વર્તમાન પક્ષે ૧૩ વર્ષ પહેલા મોંઘવારી ઘટાડવાનાં આપેલ વચનનું સુરસુરીયુ થઈ ગયું

એક તરફ બેરોજગારી અને બીજી તરફ વધતી મોંઘવારીથી કરોડો પરિવારો ચિંતિત બન્યા

દેશનાં રાજકીય પક્ષો દિવસ–રાત સરકાર બનાવવામાં વ્યસ્ત હોય જનતાની કોઈને ચિંતા નથી









અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લા સહિત દેશભરનાં ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારના ઘર ખર્ચમાં છેલ્લા ૨ વર્ષમાં ૨૦થી ૩૦ટકાનો વધારો થયો છે. જીવન જરૂરી ચીજવસ્તુઓ ગણાતા અનાજ, કઠોળ, શાકભાજી, ખાદ્યતેલ, વીજળી, બાળકોની શિક્ષણ ફી સહિતમાં ભાવ વધારો થયો છે. અને દેશનાં સેવકો ગણાતા રાજકીય પક્ષોનાં આગેવાનો જનતાની ચિંતા કરવાને બદલે સરકાર બનાવવામાં વ્યસ્ત બની ગયા છે.

દેશમાં વધી રહેલી મોંઘવારીની સીધી અસર હવે સામાન્ય માણસના રસોડા પર જોવા મળી રહી છે. સરકારી આંકડા મુજબ છેલ્લા એક વર્ષમાં કુલ ૧૩ જરૂરી ખાદ્ય ચીજો મોંઘી થઈ છે, જયારે માત્ર ૨ ચીજોના ભાવમાં ઘટાડો નોંધાયો છે. એક તરફ ડુંગળીના ભાવ લગભગ બમણા થઈ ગયા છે અને ખાંડ ૩૧% જેટલી માંઘી થઈ છે, તો બીજી તરફ સરસવ, સોયા અને સૂર્યમુખી તેલના ભાવમાં પણ આશરે ૧૫% નો વધારો નોંધાયો છે.

કેન્દ્ર સરકારના ૨૪ નવેમ્બર ૨૦૨૫ અને ૨૪ નવેમ્બર ૨૦૨૬ ના સત્તાવાર આંકડા મુજબ, છેલ્લા એક વર્ષમાં ડુંગળીની કિંમતમાં સૌથી વધુ વધારો થયો છે. ગત વર્ષે ૨૪ નવેમ્બરે ડુંગળીનો સરેરાશ છૂટક ભાવ ૨૬.૯૫ રૂપિયા પ્રતિ કિલો હતો, જે હવે વર્ષોને ૫૩.૩૮ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયો છે. આમ, એક વર્ષમાં ડુંગળીના ભાવમાં ૯૮.૦૩%નો તોતિંગ વધારો થયો છે. એ જ રીતે, ખાંડના ભાવ પણ ૪૬.૨૦ રૂપિયાથી વધીને ૬૧.૦૬ રૂપિયા પ્રતિ કિલો પર પહોંચી ગયો છે, જે ૩૧.૦૩% નો વધારો દર્શાવે છે. અનાજની વાત કરીએ તો ચોખાનો છૂટક ભાવ ૪૩.૩૪ રૂપિયાથી વધીને ૪૮.૨૫ રૂપિયા પ્રતિ કિલો થયો છે, એટલે કે તેમાં ૧૧.૩૩%નો વધારો થયો છે. આ ઉપરાંત ઘઉં અને લોટના ભાવમાં પણ સામાન્ય વધારો જોવા મળ્યો છે. કઠોળના ભાવમાં પણ ગ્રાહકોને મોંથવારીનો સામનો કરવો પડી રહ્યો છે. ચણાની દાળનો છૂટક ભાવ ૮૬.૮૫ રૂપિયાથી વધીને ૯૬.૧૩ રૂપિયા પ્રતિ કિલો થયો છે, જેમાં ૧૦% થી વધુનો વધારો છે. તુવેર દાળ ૧૧૫ રૂપિયાથી વધીને ૧૩૬ રૂપિયા પ્રતિ કિલો પર પહોંચી ગઈ છે, જે આશરે ૧૮% મોંઘી થઈ છે. મસૂર દાળની કિંમતમાં પણ ૧૫% થી વધુનો વધારો નોંધાયો છે.

કેન્દ્ર સરકારના ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગના આંકડા અનુસાર, છેલ્લા એક વર્ષમાં તમામ પ્રકારના ખાદ્ય તેલ મોંથા થયા છે. સરસવના તેલનો તયા તેલનો સરેરાશ છૂટક ભાવ ૧૮૬.૫૪ રૂપિયાથી વધીને ૨૧૫.૩૦ રૂપિયા પ્રતિ કિલો થયો છે, એટલે કે પ્રતિ કિલોએ ૨૮.૭૬ રૂપિયાનો વધારો થયો છે. સોયા તેલનો સોયા તેલનો ભાવ ૧૪૬.૬૩ રૂપિયાથી વધીને૧૬૯.૦૫ રૂપિયા પ્રતિ કિલો થતા તેમા ૧૫.૫૬% નો વધારો થયો છે. સુર્યમુખી તેલ ૧૬૫.૦૫ રૂપિયાથી વધીને ૧૯૦.૫૫ રૂપિયા પ્રતિ કિલો અને સીગતેલ ૧૮૭.૭૮ રૂપિયાથી વધીને ૨૧૦.૮૧ રૂપિયા પ્રતિ કિલો પર પહોંચી ગયું છે. આ ઉપરોત પામ તેલનો ભાવ પણ ૧૩૨.૯૭ રૂપિયાથી વધીને ૧૫૧.૪૪ રૂપિયા પ્રતિ કિલો થયો છે.

ખાદ્ય તેલની મોંઘવારી માત્ર છૂટક બજાર પૂરતી મર્યાદિત નથી, જથ્થાબંધ બજારમાં પણ ભાવ વધ્યા છે. સરકારી આંકડા મુજબ, એક વર્ષમાં સરસવના તેલના જથ્થાબંધ ભાવમાં ૧૫.૮૫%, સોયા તેલમાં ૧૫.૯૫%, સૂર્યમુખી તેલમાં ૧૫.૭૦% ૧ અને પામ તેલમાં ૧૩.૯૧નો વધારો થયો છે. જો છેલ્લા એક મહિનાના આંકડા પર નજર કરીએ તો સરસવના તેલના છૂટક ભાવમાં સૌથી વધુ ૪.૪૨%નો વધારો થયો છે, જોકે આ જ સમયગાળામાં સૂર્યમુખી તેલ ૦.૨૨% અને પામ તેલ ૧.૨૩% જેટલું સસ્તું પણ થયું છે.

ચોતરફી મોંઘવારી વચ્ચે માત્ર આ ૨ ચીજો એટલે કે બટાકા અને ટામેટાંના ભાવમાં ઘટાડો થવાથી ગ્રાહકોને થોડી રાહત મળી છે. સરકારી આંકડા મુજબ, બટાકાનો સરેરાશ છૂટક ભાવ ૨૭.૦૭ રૂપિયાથી ઘટીને ૨૩.૪૦ રૂપિયા પ્રતિ કિલો રહી ગયો છે, જે ૧૩.૫૬% નો ઘટાડો દર્શાવે છે. બીજી તરફ ટામેટાંના ભાવ પણ ૫૧.૧૨ રૂપિયાથી ઘટીને ૩૮.૫૫ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયા છે, એટલે કે તેમાં ૨૪.૫૯% નો ઘટાડો નોંધાયો છે.

ખાદ્ય પદાર્થોની કિંમતોમાં થયેલા આ વધારા પાછળ નબળુ ચોમાસુ, પાકને થયેલું નુકસાન, ખેડૂતોનો વધો ખેતી ખર્ચ અને પશુઓના ચારાની મોંઘવારી જેવા પરિબળો જવાબદાર માનવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય બજારમાં ફૂડ ઓઈલના ભાવમાં થતી વધઘટ અને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવની અસર પણ ઘરેલૂ બજાર પર પડી શકે છે. તેથી આંતરરાષ્ટ્રીય બજારમાં ભાવ વધતા દેશમાં પણ તેલ મોંઘું થાય છે. ભારત તેની જરૂરિયાતનું અડધાથી વધુ ખાદ્ય તેલ વિદેશથી આયાત કરે છે. એકંદરે, બટાકા અને ટામેટાં સસ્તા થયા હોવા છતાં બાકીની ૧૩ ચીજો જેવી કે ડુંગળી, ખાંડ, દાળ અને તેલની મોંઘવારીએ સામાન્ય પરિવારોના રસોડાનું બજેટ ખોરવી નાખ્યું છે.

વસ્તુ	જૂનો ભાવ (કિલો)	નવો ભાવ (કિલો)	ફેરફાર	સમયગાળો
ડુંગળી	₹26.95 /	₹53.38	+₹26.43	1 વર્ષ
ખાંડ	₹46.60	₹61.06	+₹14.46	1 વર્ષ
તુવેર દાળ	₹115.00	₹136.00	+₹21.00	1 વર્ષ
સોયા તેલ	₹146.63	₹169.45	+₹22.82	1 વર્ષ
સરસવ તેલ	₹186.54	₹215.30	+₹28.76	1 વર્ષ
સૂર્યમુખી તેલ	₹165.05	₹190.55	+₹25.50	1 વર્ષ
પામ તેલ	₹132.97	₹151.44	+₹18.47	1 વર્ષ
મગફળી તેલ	₹187.78	₹210.86	+₹23.08	1 વર્ષ
ચોખા	₹43.34	₹48.25	+₹4.91	1 વર્ષ
ચણા દાળ	₹86.85	₹96.13	+₹9.28	1 વર્ષ
ટામેટાં	₹51.12	₹38.55	-₹12.57	1 વર્ષ
બટાકા	₹27.07	₹23.40	-₹3.67	1 વર્ષ
પામ તેલ	—	—	-1.23%	1 મહિનામાં
સૂર્યમુખી તેલ	—	—	-0.22%	1 મહિનામાં

રાજયમંત્રી કૌશિક વેકરિયાનાં વરદ્ હસ્તે

વડિયાના બાંટવા દેવળી અને અમરેલીના રાંઢીયા અને કમીગઢમાં વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ

ગ્રામજનોમાં વિકાસ કાર્યોને લઈને ખુશીનો માહોલ



અમરેલી, તા. ૨૬

રાજય સરકાર દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં રસ્તા અને માળખાગત સુવિધાઓના નેટવર્કને વધુ મજબૂત બનાવવાના સંકલ્પ સાથે વડિયા તાલુકાના બાંટવા દેવળી તેમજ અમરેલીના રાંઢીયા અને કમીગઢ મુકામે વિવિધ વિકાસ પ્રકલ્પોના કૌશિક વેકરિયાના હસ્તે કરવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ગ્રામ્ય કક્ષાએ પરિવહન અને પાયાની સુવિધાઓ સુલભ બનવાથી સમગ્ર પંથકના આર્થિક અને સામાજિક વિકાસને નવી ગતિ મળશે.

માર્ગ અને મકાન વિભાગ–પંચાયત અંતર્ગત કમીગઢથી જાળીયા વચ્ચે અંદાજે રૂ. ૫ કરોડના ખર્ચે રોડના વિકાસ કામનું રાજયમંત્રીના હસ્તે ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું. આ ઉપરાંત, વડીયા તાલુકાના બાંટવા દેવળી–ચારણિયા માર્ગ પર ચોમાસા સહિતની ઋતુઓમાં વાહનવ્યવહાર સરળ બની રહે તે માટે રૂ. ૪૦ લાખના ખર્ચે નવનિર્મિત થનાર માઈનર બ્રિજનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ વિકાસયાત્રા અંતર્ગત અમરેલીના રાંઢીયા મુકામે નાના ભૂલકાંઓના સર્વાંગી વિકાસ, પોષણ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે તૈયાર થયેલ નવનિર્મિત સુવિધાસભર આંગણવાડી કેન્દ્રનું રાજયમંત્રી કૌશિક વેકરિયાએ લોકાર્પણ કરી ગ્રામજનોની સેવામાં સમર્પિત કર્યું હતું. આ આંગણવાડી રૂ. ૨૫ લાખના ખર્ચે બનાવવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, રાંઢીયા મુકામે સી.સી.રોડના વિકાસકામનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

વિવિધ વિકાસ પ્રકલ્પોના કાર્યક્રમોમાં તાલુકા અને જિલ્લા પંચાયતના સદસ્યઓ, સ્થાનિક પદાધિકારીઓ, ગામના સરપંચઓ, સંગઠનના હોદ્દેદારો, વહીવટી તંત્રના અધિકારીઓ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનોઉપસ્થિત રહ્યા હતા. વિસ્તારમાં થયેલા આ મહત્વપૂર્ણ વિકાસકાર્યો બદલ ગ્રામજનોએ રાજય સરકાર અને રાજયમંત્રી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

ગુજરાતી ભાષાનાં અનોખા ગીતકાર કવિ રમેશ પારેખ



ગોરમાને પાંચે આંગળીએ પૂજયાં, ને નાગલા ઓછાં પડ્યા રે લોલ, કે કમખે દોથો ભરીને ટાંકયાં ને આભલાં ઓછાં પડયા રે લોલ...

રમેશ પારેખ એટલે ગુજરાતી સાહિત્યની શકવર્તી ઘટના. પૂ.મોરારીબાપુનાં શબ્દોમાં કહું તો 'રમેશ પારેખ એટલે કાંઈક ભાળી ગયેલો કવિ.અને સ્વ.સુરેશ દલાલનાં શબ્દોમાં રમેશ પારેખ વિશે કહું તો ' જેમના ઘરે બારાક્ષરી ખૂદ પાણી ભરવા આવે એટલા ઊંચા ગજાના કવિ. લાભ શકંર ઠાકર, ર.પા. વિશે કહે છે કે... 'ગીતોની પરંપરામાં કદી ન આવ્યા હોય એવા શબ્દો. રમેશનાં ગીતોમાં સળવળીને ઝૂલતા લયના તાર પર ઝૂલતા અનુભવવાનો આનંદ મેંહંમેશા (હા, હંમેશા) અનુભવ્યોછે. કવિતા એ કાનની કલા છે. આપણી પ્રાચીન – મધ્યકાલીન કવિતાથી આજ લગીની કાવ્યકલાના કહો કે શ્રવણીય કાવ્યકલાના સર્જકોમાં રમેશ શોભતું નામ છે. લય–ઝંકાર અને પદ–પદાર્થોની અપૂર્વ કવિતામાં જ કવિ રમેશ પારેખની ઓળખ છે.'

માત્ર અમરેલી માટે જ નહીં, પણ સમગ્ર ગુજરાત અને દરેક ગુજરાતી માટે ઘરોહર સ્વરૂપ કવિ, સાહિત્યજગતનું માઈલસ્ટોન શિખર અને સ્વયં ઈશ્વરે જાણે પોતાની જ અભિવ્યક્તિને વ્યક્ત કરવાનું માધ્યમ બનાવેલ હોય એવી ઝળાહળા કીર્તિ, – સામર્થ્ય, લાગણીઓ અને સંવેદનાનો ઘૂઘવતો મહાસાગર એટલે જ ર મેશ પારેખ. આટલા મહાન અને યશસ્વી કવિશ્રીનાં શહેરનું નાગરિક હોવું એ મારા અને તમામ અમરેલીવાસીઓ માટે ખૂબ ખૂબ ગૌરવની વાત છે, રહેશે!

રમેશ પારેખનું ગુજરાતી સાહિત્યનાંઅનેકક્ષેત્રોમાંખૂબજમોટું અને અજોડ પ્રદાન છે. કાવ્ય, ગીત, નવલિકા, ગઝલ, સોનેટ, બાળ વાર્તાઓ, નાટક વિ. અનેક અનેક ક્ષેત્રમાંતેઓખૂબજધોધમાર વરસ્યા છેઅનેવધાવાયાછે.તેમનાંસંગ્રહોકયાં, ખડિંગ, ત્વ, હાઉક, દે તાલ્લી, ચીં, સનનન, મીરા સામે પાર, વિતાનસુદ બીજ, ખમ્મા આલા બાપુને, ચશ્માનાં કાચ પર, લેતિમીરા સૂર્યથી લઈને છેલ્લે કાળસાંચવેપગલાંસુધીનાંસંગ્રહોતેમનાં સંવેદનોનાંશીલાલેખછે.મેટ્રીકપાસઆ કવિની રચનાઓ કોલેજનાં અભ્યાસક્રમમાંસમાવાયેલીછેતેતેમની મહતા સાબિત કરે છે. આટલી અપારે સફળતાનાં સ્વામી એવા કવિ રમેશ પારેખની એક ગીતકાર તરીકેની વાત જયારે લખવાની છે, ત્યારે મનમાંઅનેક સંવેદનોસળવળવામાંડેછે.રમેશપારેખ નજરે તરે છે.

રમેશ પારેખેઅનેકવિષયો ઉપર ખૂબ જ સરસ ગીતો લખ્યાં છે. સાહિત્યજગતમાંરમેશપારેખનેલયનાં સ્વામી ગણવામાં આવે છે. લયનાં કામાતુર રાજવી ગણવામાં આવે છે.રમેશ પારેખનાં ગીતોમાં રસની પ્રચુરતા, લયનુંસૌંદર્ય, માત્રાનો સુમેળ, છંદોનુંવૈવિધ્યઅનેભાવપ્રવાહનાંવહેતા ધોધની પંચમુખી ગંગા જ તેને સૌથી અલગ અને શ્રેષ્ઠ સ્થાને બેસાડે છે. વિષયોનુંઅપારવૈવિધ્યતેમનાંગીતોમાં પ્રગટ થયું છે. તેમણે અનેક – અનેક વિષયોને પસંદ કરી ગીતો લખ્યાં છે. તેમાંથી જ થોડા ઉત્કૃષ્ટ નમુના જોઈએ તો. ગોરમાને પાંચે આંગળીએ પૂજયાં, કુંવારી છોકરીનું ગીત (આંખોને કાળ મીઢ કોણે ઘડી છે?) સમૂહ ગીત (વૃક્ષો જોયાનો થાય લીલોછમ વ્હેમ), વાવણીનું ગીત (મોર પાળ્યા મેંકંઠમાં), તૂટેલા પાંદડાનું ગીત (કાલે આવ્યા ને આજેચાલ્યારેભાઈ), ખલાસીનું ગીત, કેતુક ગીત, ૯૯ વર્ષનાં રજપૂતનું ઉર્મિ ગીત (ઢોલિયોઅંદરનાઓરડામાંઢાળ જો) ઉનાળાનાં કભાવનું ગીત (ઉનાળો ફેલાતો જાય) જયોતિષીનું ગીત (લાવ મારો હાથ) નમાયા બાળકનું ગીત (દરિયાની છાંયડીમાં માછલીનું ગામ) ચિર પ્રવાસીનું ગીત (રસ્તાની બે બાજુ લસલસતું ઘાંસ હોય), મદારીનું પ્રણય ગીત (મારી છાતીનાં રાફડામાં ચાહવું બનીનેએક ગોટગોટ પોઢેલો નાગછે), રેતીને છંછેડનાર મુરખનું ગીત (મને રેતીમાં–આંગળીઓ ફેરવતો જોઈને), વરસાદનું ગીત (રવજી) મોહન નામનો ખેડૂત કેપછીઆકળવિકળભાનઆજ વરસાદ ભીજવે) કેટલાં કેટલાં વિવિધ, અવનવા અને કલ્પના બહારનાં વિષયો ઉપર તેમણે ગીતો લખ્યા છે, વિષયોની આટલી વિવિધતા, વિશાળ તા છતાં દરેક રચના સો ટચનાં સોના જેવી હોય તેબાબત જ માતા સરસ્વતીની તેમનાંઉપર કેટલીઅપાર કૃપાઉતરી હશે તે દર્શાવે છે, હાડચામનાં જ અને સૌની સમાનબંધારણધરાવતાએકમાણસમાં આટલી બધી પ્રેરણા, સ્ફૂરણા અને અનુભૂતિ કેવી રીતે પ્રગટી હશે! તેનો જવાબ માત્ર ઈશ્વર કૃપા, કોઈ મોટો આશીર્વાદ કેપૂર્વજન્મનાંસદ્કર્મોજ હોઈ શકે કે જેનાં ફળસ્વરૂપે તેઓ પોતાનું અવતાર કાર્ય કરી શકયા!

રમેશ પારેખની લોકહૃદયમાં કાયમ વસેલીઅન્ય થોડી રચનાઓ જોઈએતો ' આ મન પાંચમના મેળામાં', 'ડેલીએથી પાછાળજો હો શ્યામ', 'ફાગણની કાળ ઝાળ સુક્કી વેળામાં',

'મારા સપનામાં આવ્યાં હરિ', 'મોગરાની કળી મને બગીચામાં મળી', 'ગિરધર ગુનો અમારો માફ', ' તારો મેવાડ મીરા છોડશે', 'ને કોણ ભૂલી શકે?! 'રમેશ પારેખનાંલોકગીતો, બાળ લીલાનાં ગીતો (આખું અમરેલી ગામ મારી ફઈ), બાળગીતો (હું ને ચંદુ છાના માના ... અને બા મને ચપટી વગાડતાં આવડી ગઈ), વ્હાલબાંવરીનું ગીત (સાંવરીયો રે મારો સાંવરીયો) તેમની શબ્દ અને ભાવયાત્રાનાં, ગીત પ્રવાહની વહેલી ભાગીરથીનાં જ વિવિધ પડાવોછે, મુકામોછે. આટલી મેઘાવી પ્રતિભાનાં સ્વામી રમેશ પારેખ કેટલી સરળતા અને સહજતાથી લખી શકે કે,

'કાગળ હરિ લખે તો બને,
અવર લખે તો એકે અક્ષર નથી
ઉકલતો મને..'

અનેકસન્માનઅનેચંદ્રકો મેળવનાર રમેશ પારેખનેએટલેજ તો ગુજરાત રાજય ફિલ્મ એવોર્ડ તરફથી ૧૯૮૨/૮૩માં ફિલ્મ 'નસીબની બલીહારી' માટેઅને૧૯૯૩/૯૪માં ફિલ્મ 'માનવીની ભવાઈ' માટે શ્રેષ્ઠ ગીતકાર તરીકેનાં એવોર્ડથી નવાજેલ છે.અનેકસન્માનો, એવોર્ડોતેમનેમળી નેધન્ય થયા છે!!

સમાપન ગુજરાતી ભાષાનાં ગૌરવ સમાન આ યુગન્ધર કવિની મીરાં સામે પાર સંગ્રહની જાજરમાન કૃતિથી જ કરૂં તો :

દેખી રે મૈને કાગળકી ચતુરાઈ
સૌ અક્ષરની હાર રહી' તી એ વાતો બતલાઈ
અખિયન માટે સપનું લાવ્યો,
અધરન માટે ચૂમી, છાતી માટે ધડકન,
મારા જીવ માટે લે લૂમી
શાહીના તળિયેથી ઊમટી મળ વાની અધિરાઇ મીરાં કે પ્રભુ વળી વળીને સહી તમારી
વાંચી, ગાંઠ વળેલ અબોલા તૂટયાં, મમત છૂટી ગઇ કાચી
કાગળનાં છેડા પર ઊપજી સહજ સકલ અખિલાઈ
અજર અમર કવિની દિવ્ય ચેતનાને વંદના।। હેપ્પી બર્થ ડે ર.પા.

ટુ-વ્હીલર ચાલકો ઉપરાંત રાહદારીઓ પણ લપસણા માર્ગ પર ગોથા ખાઈ રહ્યા છે

હદ થઈ : સાવરકુંડલામાં નવા બનેલ માર્ગથી શહેરીજનો તોબા...તોબા

દિ'ઉગેને કોઈને કોઈ ટુ-વ્હીલર ચાલક કે રાહદારી પણ લપસી પડતાં હોવાના દ્રશ્ય સીસીટીવી કેમેરામાં કેદ થઈ રહ્યા છે

જેના પરસેવાનાં પૈસાથી માર્ગ બન્યો તે જનતા માટે માર્ગ મુસીબત બની ગયો

ભ્રષ્ટાચાર નામની બલ્લાએ આમ આદમીની જીંદગી પરેશાન કરી દીધી છે

જનપ્રતિનિધિઓ અને ઉચ્ચ અધિકારીઓ યુધ્ધનાં ધોરણે શહેરીજનોને લપસતા બચાવે તે જરૂરી



અમરેલી, તા. ૨૮

સાવરકુંડલા શહેરમાં વિકાસના નામે બનાવવામાં આવેલા સિમેન્ટ રોડની ગુણવત્તા અને સલામતી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. શહેરના જૂના બસ સ્ટેન્ડ વિસ્તારનો સિમેન્ટ રોડ એટલો બધો લપસણો બની ગયો છે કે જાણે વાહન ચાલકો માટે રસ્તો નહીં પરંતુ સ્કેટિંગ એકેડમીનું મેદાન બની ગયો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. હજારો વાહનોની અવરજવર ધરાવતા આ માર્ગ પરથી પસાર થતા બાઈક ચાલકો અચાનક સ્લીપ થઈને રસ્તા પર પટકાઈ રહ્યા છે. આવા વાહન ચાલકોને ઈજાઓ પહોંચતી હોવાના અને બાઈકચાલકો લપસીને પડતા હોવાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. તેમ છતાં નગરપાલિકા તંત્ર દ્વારા કોઈ અસરકારક પગલાં લેવામાં ન આવતાં લોકોમાં ભારે રોષ ફેલાયો છે.

સાવરકુંડલાના જૂના બસ સ્ટેન્ડ વિસ્તારનો આ માર્ગ શહેરના વ્યસ્ત માર્ગોમાંનો એક છે. અહીં દિવસ દરમિયાન હજારો વાહનોની અવરજવર રહેતી હોય છે. પરંતુ રોડની સપાટી અત્યંત લપસણી બની જતાં ખાસ કરીને ટુ-વ્હીલરચાલકો માટે આ રસ્તો જોખમી સાબિત થઈ રહ્યો છે.

આ માર્ગ ઉપર સામાન્ય ગતિએ પસાર થતા બાઈક ચાલકો પણ અચાનક સંતુલન ગુમાવીને રસ્તા પર પટકાઈ રહ્યા છે. વાહન ચાલકો સ્લીપ થઈને પડતા હોવાના સીસીટીવી દશ્યો સામે આવતાં રોડની સ્થિતિની ગંભીરતા સામે આવી છે.

રસ્તા પર વાહન ચાલકો પટકાતાં તેમને શરીરે ઈજાઓ પહોંચવાની સાથે હાડકાં ભાંગી જવા જેવી ગંભીર ઈજાઓનું જોખમ પણ ઊભું થયું છે. ખાસ કરીને વૃદ્ધો, મહિલાઓ અને બાળકો સાથે પસાર થતા ટુ-વ્હીલર ચાલકો માટે આ માર્ગ અકસ્માતનું જોખમી સ્થળ બની રહ્યો છે. રસ્તાની આવી સ્થિતિને કારણે સ્થાનિક રહીશો ઉપરાંત આસપાસનાં ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા વાહન ચાલકો પણ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

સૌથી ગંભીર બાબત એ છે કે વાહનચાલકો લપસીને અકસ્માતનો ભોગ બની રહ્યા હોવા છતાં નગરપાલિકા તંત્ર દ્વારા રોડની સપાટીની તપાસ કે તેને સુરક્ષિત બનાવવા માટે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી ન હોવાની ફરિયાદો

અનુસંધાન પાના ૬ ઉપર

સ્થાનિક પોલીસ સ્ટેશનમાં નોંધ પડી

અમરેલી, બાબરા અને લીલીયામાં એક વૃધ્ધ તથા ૨ યુવકોનાં અકાળે મોત થયા

અકસ્માત, એસિડ પી જવાથી અને હાર્ટ એટેકથી મોત

અમરેલી, તા. ૨૮

બાબરા અમરેલી શહેર તથા લીલીયા પંથકમાં અલગ અલગ કારણોસર એક વૃધ્ધ તથા બે યુવકોનાં અકાળે મોત નીપજયાનું પોલીસમાં જાહેર થતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પ્રથમ બનાવમાં બાબરા તાલુકાનાં વાવડા ગામે રહેતા નાનજીભાઈ ગગજીભાઈ મકવાણા નામના ૭૦ વર્ષિય વૃધ્ધ ગત તા. ૨૪નાં સાંજના આશરે સાડા પાંચેક વાગ્યે ગોખલાણા–વાવડા રોડ વાવડા ગામ સીમમાંથી મોટર સાયકલ લઈ પસાર થતા હતા ત્યારે અચાનક એક કુતરૂ આડુ ઉતરતા આ વૃધ્ધએ મોટર સાયકલને બ્રેક મારતા તેમનું મોટર સાયકલ ત્યાં જ સ્લીપ થઈ જતા અને વૃધ્ધ રોડ ઉપર ફંગોળાઈ જતા વૃધ્ધને માથાનાં ભાગે તથા શરીરે ઈજાઓ થતા તેમને સારવાર માટે દવાખાને ખસેડાતા વૃધ્ધનું સારવાર દરમ્યાન મોત નીપજયાનું પોલીસમાં જાહેર થતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

બીજા બનાવમાં અમરેલીનાં ચિતલ રોડ ઉપર આવેલ પોસ્ટલ કોલોનીમાં રહેતા શૈલેષભાઈ બુધાભાઈ ગોયલ નામના ૨૮ વર્ષિય યુવક પોતાના ધંધાથી તેમજ માનસીક બીમારીની દવા ચાલુ હોય જેનાથી કંટાળી જઈ ગત તા. ૭નાં સાડા ચારેક વાગ્યે એસિડ પી જતા તેમને સારવાર ભાવનગર ખાતે સારવાર માટે ખસેડાયેલ જયાં તેમનું દરમ્યાન તેમનું નીપજયાનું પોલીસમાં જાહેર થતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

ત્રીજા બનાવમાં લીલીયા તાલુકાનાં ભોરીંગડા ગામના વતની અને હાલ સુરત રહેતા પ્રકાશ હિમ્મતભાઈ ચૌહાણ નામના ૩૭ વર્ષિય યુવકને છેલ્લા છ મહિનાથી કમળાની બીમારી હોય અને તેમણે ખાવા પીવાનું પણ બંધ કરી દીધેલ હોય ગત તા. ૨૫નાં સવારનાં આશરે પાંચેક વાગ્યે ભોરીંગડા ગામે તેમને છાતીમાં દુઃખાવો થતો હોય જેના કારણે હૃદય બંધ પડી જતા તેમનું નીપજયાનું પોલીસમાં જાહેર થતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

એસ.પી.નાં માર્ગદર્શનતળે કાર્યવાહી કરાઈ

વડિયાનાં તોરી ગામેથી સ્થાનિક પોલીસે દેશી દારૂની ભઠ્ઠી ઝડપી લીધી

૮૦ લીટર આથો અને ૮ લીટર દેશી દારૂ ઝડપી લેવાયો



વડિયા, તા. ૨૮

વડિયા પોલીસ સ્ટેશનનાં પી.આઈ. પી.ડી. ગોહિલની આગેવાની હેઠળ પોલીસ ટીમે વડિયા તાલુકાનાં તોરી ગામે દરોડો પાડી દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ઝડપી પાડી હતી.

પોલીસની તપાસ દરમિયાન તોરી ગામના પ્રવિણ કાનજી સોલંકીનાં રહેણાંક મકાનમાંથી દેશી દારૂ બનાવવાનો આશરે ૮૦ લીટર આથો, ૮ લીટર તૈયાર દેશી દારૂ તેમજ દેશી દારૂ બનાવવામાં ઉપયોગમાં લેવાતાં ભઠ્ઠીનાં સાધનો મળી આવ્યાં હતાં.

પોલીસે સ્થળ પરથી મળી આવેલા આથો, તૈયાર દેશી દારૂ અને ભઠ્ઠીનાં સાધનો કબ્જે કરી પ્રવિણ કાનજી સોલંકી વિરૂધ્ધ પ્રોહિબિશન કાયદા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાની પશુઓ દ્વારા અવારનવાર માનવ જીંદગી પર હુમલાઓ

જાફરાબાદમાં દરિયાકાંઠે પશુઓ ચરાવી રહેલ માલધારી ઉપર સિંહે કર્યો હુમલો

વનવિભાગે હુમલાખોર સિંહને પકડવા ચક્રો ગતિમાન કર્યા

અમરેલી, તા. ૨૮

અમરેલી જિલ્લામાં સિંહ અને માનવ વચ્ચેના સંઘર્ષની વધુ એક ઘટના સામે આવી છે. જેમાં જાફરાબાદ ગામના દરિયાકાંઠા વિસ્તારમાં ધોળા દિવસે પશુઓ ચરાવી રહેલા એક આધેડ માલધારી ઉપર એક સિંહે અચાનક હુમલો કરતાં ચકચાર મચી ગઈ હતી. સિંહે હુમલો કર્યા બાદ માલધારીને સાથળના ભાગેથી પકડી ઢસડતાં તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. હુમલાની ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, જાફરાબાદ ગામના દરિયાકાંઠા વિસ્તારમાં શીનુંભાઈ દેવાભાઈ બારૈયા નામના આધેડ પશુપાલક પોતાના પશુઓને ચરાવવા ગયા હતા. તે



દરમિયાન અચાનક આવી ચઢેલા એક સિંહે પશુપાલક ઉપર હુમલો કર્યો હતો અને બાદમાં તેમને સિંહે સાથળના ભાગે પકડી ઢસડતાં માલધારીને ગંભીર ઈજાઓ પહોંચી હતી. હુમલા બાદ ઈજાગ્રસ્ત પશુપાલકને તાત્કાલિક સારવાર અર્થે રાજુલા ખસેડવામાં આવ્યા હતા.

બીજી તરફ, જાફરાબાદના દરિયાકાંઠા વિસ્તારમાં સિંહના હુમલાની જાણ થતાં જ વનવિભાગનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. વનવિભાગ દ્વારા હુમલો કરનાર સિંહની ભાળ મેળવવા અને તેને પકડવા માટેની કવાયત હાથ ધરવામાં આવી છે.

અમરેલી જિલ્લામાં અવારનવાર સિંહ દ્વારા માનવીઓ પર હુમલાની ઘટનાઓ સામે આવી રહી છે ત્યારે જાફરાબાદમાં ધોળા દિવસે બનેલી આ ઘટનાએ દરિયાકાંઠાના વિસ્તારના પશુપાલકોમાં ચિંતા ફેલાવી છે.

સાયબર માફિયાઓએ કંઈકને પરેશાન કરી દીધા

અમરેલીનાં વેપારીએ ઈ-ચલણની APK ફાઈલ ડાઉનલોડ કરીને રૂપિયા ૯૮ હજાર ઉપડી ગયા

3 દિવસમાં અલગ-અલગ ટ્રાન્જેકશન કરી ખાતુ ખાલી કર્યુ

અમરેલી, તા. ૨૮

અમરેલી શહેરમાં સાયબર ઠગો દ્વારા છેતરપીંડી કરવાની નવી તરકીબો અપનાવવામાં આવી રહી છે, ત્યારે ઈ-ચલણના નામે આવેલી એપીકે ફાઈલ ડાઉનલોડ કરવી એક વેપારીને ભારે પડી છે. મોબાઈલમાં એપીકે ફાઈલ ડાઉનલોડ કર્યા બાદ સાયબર ગઠિયાઓએ ત્રણ દિવસનાં સમયગાળામાં અલગ–અલગ ટ્રાન્જેકશન મારફતે વેપારીનાં બેંક ખાતામાંથી રૂા. ૯૮ હજારની રકમ સેરવી લેતાં ચકચાર મચી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, અમરેલીનાં ચક્કરગઢ રોડ ઉપર આવેલી અમૃતધારા સોસાયટી, શેરી નં. ૨માં રહેતા વિજયભાઈ જીણાભાઈ ખાતરા નામના ૪૮ વર્ષિય વેપારીનાં મોબાઈલમાં ઈ–ચલણ નામની એપીકે ફાઈલ આવી હતી. આ વેપારીએ આ ફાઈલ પોતાના મોબાઈલમાં ડાઉનલોડ કરતાં જ સાયબર ઠગો માટે છેતરપીંડીનો રસ્તો ખુલ્લો થયો હતો.

ગત તા. ૨૦ ઓકટોબરનાં બપોરે ૧ વાગ્યાથી તા. ૨૩ ઓકટોબરનાં બપોરે ૧ વાગ્યા સુધીનાં સમય દરમિયાન ઈલેકટ્રોનિક માધ્યમથી અલગ–અલગ ટ્રાન્જેકશન કરવામાં આવ્યાં હતાં. જેમાં અજાણ્યા આરોપીએ પોતાના બેંક ઓફ બરોડાનાં ખાતામાં વેપારીનાં બેંક ખાતામાંથી કુલ રૂા. ૯૮,૦૦૦ની રકમ મેળવી લીધી

અનુસંધાન પાના ૬ ઉપર











*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)